# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 27-08-2026 | VOL : 12 | Issue : 162 | Page : 8 | Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



**સુવિચાર**

આત્મવિશ્વાસ સૌથી મોટી શક્તિ છે. સપનાઓને પાંખો મહેનતથી મળે છે.
”


3  જે બાળકે જન્મ જ નથી લીધો, તે સુરજગઢની આશ્રમશાળામાં ભણે છે!' જૂનાગઢમાં...

4  કૃષ્ણ મારા મિત્ર છે માંથી કૃષ્ણ સર્વના સ્વામી છે સુધી અને પછી કૃષ્ણે...

6  સર્જરી પછી પહેલીવાર જાહેરમાં જોવા મળી અભિનેત્રી રશ્મિકા મંદાના

7  બુમરાહ પાસેથી 697 દિવસ પછી ટૉપ રેન્કિંગનો તાજ છીનવાયો


### નેપાળની તિબેટ સરહદે રસૂવામાં ભોટેકોશી નદીમાં અચાનક પૂર આવતા અફરાતફરી મચી

# પૂરથી નેપાળમાં હાહાકાર, 90થી વધુ લોકોના મોત

## 133 ભારતીયો સહિત 463 લોકો ગુમ, હેલ્પલાઇન નંબર જાહેર, ગંડક નદીને લઈને હાઈ એલર્ટ જાહેર

કાઠમંડુ

નેપાળની તિબેટ સાથે જોડાયેલી સરહદ પર રસૂવામાં અચાનક આવેલા ભયાનક પૂરને કારણે ભારે ખાનાખરાબી થઈ હોવાના સમાચાર છે. આ પૂરમાં કેટલાય ગામો તણાઈ ગયા. પૂરનું પાણી પોતાની સાથે વીજ પ્રોજેક્ટ્સ અને પુલોને પણ વહાવી ગયું. આ ભીષણ પૂરથી 13 જળવિદ્યુત પ્રોજેક્ટ્સને નુકસાન પહોંચ્યું છે અને કેટલાય વાહનો તેજ પ્રવાહમાં તણાઈ ગયા છે. આ પૂર તિબેટથી નેપાળ તરફ વહેતી ભોટેકોશી નદીમાં આવ્યું. નેપાળના કેટલાક જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. નેપાળના પ્રવાસન બોર્ડે 142 ભારતીય સહિત 291 વિદેશી નાગરિકોના પૂર બાદ ગુમ થયાની માહિતી આપી છે. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ 93 નેપાળી નાગરિકો પણ ગુમ છે. તાજા અહેવાલો અનુસાર સમગ્ર ઘટનામાં અત્યાર સુધીમાં 95 લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે નેપાળમાં ગુમ થયેલા લોકોની કુલ સંખ્યા 463 સુધી પહોંચી ગઈ છે. આ લાપતા લોકોમાં 133 ભારતીય, 52 વિદેશી અને 13 નેપાળી નાગરિકો સામેલ છે. હજુ પણ કેટલીય જગ્યાએ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. નેપાળ સેનાએ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી 25 લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે અને બચાવ કામગીરીમાં 15 હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે.

### લાપતા પ્રવાસીઓની શોધખોળ શરૂ

નેપાળ પ્રવાસન બોર્ડ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, આ ઘટના બુધવારે સવારે લગભગ સાડા આઠ વાગ્યે અચાનક બની હતી. બોર્ડે જણાવ્યું છે કે બોર્ડ, ટુરિસ્ટ પોલીસ અને અન્ય લોકો સાથે મળીને લાપતા પ્રવાસીઓની શોધખોળ કરવામાં આવી રહી છે. ટ્રાવેલ કંપનીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ 291 વિદેશી અને 93 નેપાળી નાગરિકો અસરગ્રસ્ત વિસ્તારોમાં ગુમ થયા હોવાનું કહેવાય છે. આ આંકડાઓની ટૂર એજન્સીઓ, ગાઈડો, સુરક્ષા અધિકારીઓ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા પુષ્ટિ કરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

### ચીને 574 બચાવકર્મી અને રાહત સામગ્રી મોકલી

ચીને તિબેટના ગ્યિરોંગ બોર્ડર પોર્ટ પર કાટમાળના પ્રવાહ પછી મોટા પાયે બચાવ કામગીરી શરૂ કરી છે. આ માટે 574 બચાવકર્મીઓને અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે. બચાવ દળ સાથે જરૂરી મશીનો અને ખાસ ઉપકરણો પણ મોકલવામાં આવ્યા છે, જેથી કાટમાળમાં ફસાયેલા અથવા ગુમ થયેલા લોકોની શોધ કરી શકાય.


### કૈલાશ માનસરોવર યાત્રીઓની શોધ તેજ

કૈલાશ માનસરોવર યાત્રા પર જનારા યાત્રીઓ માટે નેપાળનો રસવાગઢી માર્ગ એક મહત્વપૂર્ણ રસ્તો છે. પૂરના કારણે નેપાળ-ચીન સરહદ તરફ જતો રસ્તો ભારે નુકસાન પામ્યો છે. કૈલાશ પર્વત અને માનસરોવર તળાવ ચીનના તિબેટ સ્વાયત્ત ક્ષેત્રમાં આવેલા છે.



### એક નજર...

**સાઉથ એક્ટ્રેસ ઈશા રબ્બાનો જોવા મળ્યો સ્ટાઈલિશ લૂક**



એક્ટ્રેસ ઈશા રબ્બા દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. અભિનેત્રીએ હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટાઈલિશ લૂકમાં તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં ઈશાનો ગ્લેમરસ અંદાજ જોવા મળી રહ્યો છે.કેમેરાની સામે ઈશા રબ્બાએ સ્ટાઈલિશ અંદાજમાં પોઝ આપ્યા છે. ચાહકો પણ તેના આ ગ્લેમરસ લૂકના વખાણ કરી રહ્યા છે. ઈશા ગ્લેમરસ અંદાજને લઈ સતત ચર્ચામાં રહે છે.

## NEWS TRACK

### હોસ્પિટલમાં આગ લાગતા 15 નવજાત જીવતાં ભુંજાયા:વોર્ડમાં 16 બાળકો હતા; માત્ર 1 જ બચ્યું

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદની એક હોસ્પિટલમાં બુધવારે આગ લાગવાથી 15 નવજાત બાળકોના મોત થયા. આ દુર્ઘટના પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (PIMS) હોસ્પિટલના વુમન વોર્ડમાં બની હતી. હોસ્પિટલના અધિકારીઓ અનુસાર, દુર્ઘટના સમયે નર્સરીમાં 16 નવજાત બાળકો હાજર હતા. તેમાંથી માત્ર એક બાળકને બચાવી શકાયું. બચાવ અધિકારીઓ અનુસાર, વોર્ડની અંદર એર કંડિશનરના કમ્પ્રેસરમાં વિસ્ફોટ થયો. ત્યારબાદ આગ લાગી અને ઝડપથી આખા વોર્ડમાં ફેલાઈ ગઈ. આગની જાણ થતાં જ બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી અને બચાવ અભિયાન શરૂ કર્યું. અધિકારીઓ અનુસાર, આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. જિલ્લા પ્રશાસને ઘટનાની તપાસ માટે અધિક ડેપ્યુટી કમિશનરની અધ્યક્ષતામાં કમિટી બનાવવાનો નિર્ણય કર્યો છે. કમિટી એ શોધી કાઢશે કે આગ કેવી રીતે લાગી અને દુર્ઘટના પાછળ શું કારણ હતું. તપાસ પછી જ આગ લાગવાનું સાચું કારણ અને દુર્ઘટના માટે જવાબદાર પરિસ્થિતિઓ જાણી શકાશે.

### અમેરિકાના મોન્ટાનામાં પરિવારના 8 લોકોની હત્યા:મૃતકોમાં 4 બાળકો; આરોપીએ બધાને ગોળી મારી

અમેરિકાના મોન્ટાનાના બિલિંગ્સ શહેરમાં રવિવારે સાંજે એક પરિવારના 8 લોકોની હત્યા કરી દેવામાં આવી. ઘટના ત્યારે બની જ્યારે પરિવારના લોકો એકસાથે ડિનર કરી રહ્યા હતા. આરોપીએ બધાને ગોળી માર્યા પછી ઘરમાં આગ લગાડી દીધી. પછી પોતાને પણ ગોળી મારી દીધી. આરોપી સિવાય મૃત્યુ પામેલા લોકો એક જ પરિવારની ચાર પેઢીના હતા. તેમાં 4 બાળકો પણ સામેલ છે. પોલીસના જણાવ્યા અનુસાર, તેમને રવિવારે સાંજે લગભગ 6 વાગ્યે ઘરમાંથી ગોળીબાર થયાની માહિતી મળી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે ઘરની પાછળથી ગોળીઓના અવાજ આવી રહ્યા હતા. ઘરની બહાર એક વ્યક્તિ ઘાયલ મળ્યો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં તેનું મૃત્યુ થયું. તે જ આ ઘટનાનો શંકાસ્પદ માનવામાં આવી રહ્યો છે. ઘટના દરમિયાન 911 પર પોલીસને ઘરમાં ગોળીબાર અને એક બાળક બેભાન હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ ઘટનાસ્થળે ફાયર બ્રિગેડની ગાડીઓ મોકલવામાં આવી. થોડા સમય પછી વધુ એક ફાયર એન્જિન મોકલવાનું કહેવામાં આવ્યું.

### લઠ્ઠાકાંડની ગંભીર હોનારતો પછી પણ ના સુધર્યા બુટલેગરો!

# કપડવંજમાં ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા, કાયદાના ધજાગરા ઉડાવતી ખેડા પોલીસ

પાક્કો ગુજરાત

ગુજરાતમાં ભૂતકાળમાં સર્જાયેલી ભયાનક લઠ્ઠાકાંડની હોનારતો અનેક નિર્દોષ લોકોના બલી લેવા માટે જાણીતી છે, તેમ છતાં પોલીસ તંત્રના પેટનું પાણી હલતું નથી. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા સમગ્ર રાજ્યમાં દારૂના અડ્ડાઓ અને ભઠ્ઠીઓ પર બુલડોઝર ફેરવી સંપૂર્ણ બંધી લાવવાના સખત આદેશો આપવામાં આવ્યા છે. પરંતુ ખેડા જિલ્લામાં આ સરકારી આદેશો માત્ર કાગળ પર જ સીમિત રહી ગયા હોય તેમ લાગી રહ્યું છે.

કપડવંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બુટલેગરો કોઈ પણ જાતના ભય વગર ખુલ્લેઆમ દારૂના અડ્ડાઓ ચલાવી રહ્યા છે. લઠ્ઠાકાંડ જેવી ગંભીર પરિસ્થિતિઓ વચ્ચે પણ અહીં દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ટીમે ગ્રાઉન્ડ લેવલ પર રિયાલિટી ચેક અને સ્ટિંગ ઓપરેશન કરીને આ સમગ્ર કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે.

સ્થાનિક બુટલેગરો અને પોલીસની મિલીભગત સામે આવ્યા બાદ હવે સીધો સવાલ પોલીસ તંત્રની કાર્યશૈલી પર ઊભો થયો છે.





### જિલ્લા પોલીસ વડા, એલસીબી અને કપડવંજ પોલીસની નિષ્ક્રિયતા પર સવાલો:

હપ્તાખોરી અને લાખોનો ભ્રષ્ટાચાર: આક્ષેપ છે કે કપડવંજ પોલીસ અને ખેડા જિલ્લા એલસીબી (LCB) ની રહેમનજર હેઠળ મહિને લાખો રૂપિયાનો હપ્તો બુટલેગરો પાસેથી ઉઘરાવવામાં આવી રહ્યો છે. ખાખી વરદીના ઓથ હેઠળ ચાલતા આ કાળા કારોબારમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચારની ગંગોત્રી વહી રહી છે.

### પોલીસ વડાની મૌન સંમતિ કે લાચારી?:

ખેડા જિલ્લા પોલીસ વડા અને એલસીબી શાખા આ મામલે સંપૂર્ણ નિષ્ક્રિય સાબિત થયા છે. શું જિલ્લાના સર્વોચ્ચ અધિકારીઓને પોતાના જ વિસ્તારમાં ચાલતા આટલા મોટા દારૂના અડ્ડાઓની જાણ નથી? કે પછી આંખ આડા કાન કરીને બુટલેગરોને ખુલ્લું મેદાન આપી દેવાયું છે?

### બીજા લઠ્ઠાકાંડને આમંત્રણ?:

મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કડક નિર્દેશો છતાં સ્થાનિક પોલીસ તંત્ર આદેશોને ઘોળીને પી ગયું છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ધજાગરા ઉડાવી રહેલી કપડવંજ પોલીસ શું ખેડામાં વધુ એક ભયાનક લઠ્ઠાકાંડ સર્જાય તેની રાહ જોઈ રહી છે?

**'પાક્કો ગુજરાત ન્યૂઝ' પોલીસ તંત્ર પાસે સીધો જવાબ માગી રહ્યું છે કે ખેડા જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ ક્યારે થશે? હપ્તાખોરીમાં મશગૂલ રહેતી કપડવંજ પોલીસ અને મૌન ધરીને બેઠેલા જિલ્લા પોલીસ વડા સામે ગૃહ વિભાગ ક્યારે કડક પગલાં ભરશે? જનતાના જીવ સાથે રમત રમતા આવા ભ્રષ્ટ અધિકારીઓ અને બુટલેગરોની સાંઠગાંઠ પર તાત્કાલિક લગામ કસવી અનિવાર્ય બની ગઈ છે.**


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## મછાસરા ગામે ઈદે મિલાદુન્નબીની શાનદાર ઉજવણી કરવામાં આવી

ભરૂચ, રંગુની જાકીર

આમોદ તાલુકાના મછાસરા ગામે પયગંબર હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ના જન્મદિવસ નિમિત્તે ઈદે મિલાદુન્નબીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજ દ્વારા આ પ્રસંગે ગામની વિવિધ શેરીઓમાંથી ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યો હતો. જુલૂસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉત્સાહભેર જોડાયા હતા. જુલૂસ દરમિયાન નાત શરીફનું પઠન કરવામાં આવ્યું હતું તેમજ ધાર્મિક નારા લગાવવામાં આવ્યા હતા. જેના પગલે સમગ્ર મછાસરા ગામનું વાતાવરણ આસ્થા અને ભક્તિમય બની ગયું હતું. ગામની વિવિધ શેરીઓમાંથી પસાર થયેલા જુલૂસમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ દરમિયાન મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા શાંતિ, ભાઈચારો, એકતા અને સામાજિક સદભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. મછાસરા આલમપીર દરગાહ શરીફ ખાતે પણ ઈદે મિલાદુન્નબીની ઉજવણી શ્રદ્ધા અને આસ્થાપૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. ઈદે મિલાદના આ પવિત્ર પ્રસંગે મછાસરા ગામમાં ધાર્મિક એકતા, ભાઈચારો અને સામાજિક સદભાવનાનું સુંદર વાતાવરણ જોવા મળ્યું હતું.

## ડીસા રેલવે સ્ટેશનના ચીફ બુકિંગ ક્લાર્ક 500ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા!

ડીસા

ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. અમદાવાદ પશ્ચિમ ઝોન હેઠળ આવતા ડીસા રેલવે સ્ટેશન ખાતે ફરજ બજાવતા ચીફ બુકિંગ ક્લાર્ક (સી.બી.સી.) સુરેશકુમાર રામુજી સોલંકી રૂ. ૫૦૦ ની લાંચ લેતા રંગેહાથ પકડાઈ ગયા છે.

એક જાગૃત ફરિયાદી દિલ્હી જવાની તત્કાલ ટિકિટનું રિઝર્વેશન કરાવવા માટે ડીસા રેલવે સ્ટેશન ગયા હતા. આ દરમિયાન તત્કાલ ટિકિટ કાઢી આપવાના અવેજ પેટે આક્ષેપિત ચીફ બુકિંગ ક્લાર્ક સુરેશકુમાર સોલંકીએ ફરિયાદી પાસે ગેરકાયદેસર રીતે રૂ. ૫૦૦ ની લાંચની માગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે તુરંત જ ACB ની ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1064 પર સંપર્ક કરી સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી.

## ભરૂચ પોલીસે CEIR પોર્ટલથી ચોરીનો ભેદ ઉકેલ્યો : બે મોબાઇલ ચોરી કરનાર આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરના પાંચબત્તી બુદ્ધદેવ માર્કેટ વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ભરૂચ શહેર "એ" ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે CEIR પોર્ટલની મદદથી ચોરી થયેલા બે મોબાઈલ ફોન સાથે આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીએ ચોરીના ફોનમાં પોતાના નામનું સિમકાર્ડ નાખતા તેની ઓળખ થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, 20 ઓગસ્ટના રોજ બપોરના સમયે પાંચબત્તી બુદ્ધદેવ માર્કેટ નજીક આવેલા એક મકાનમાંથી અજાણ્યા શખ્સે વીવો કંપનીના બે એન્ડ્રોઇડ મોબાઈલ ચોરી કર્યા હતા. આ ઘટના અંગે ભરૂચ શહેર "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. વસાવાએ સર્વેલન્સ ટીમને તપાસ માટે સૂચના આપી હતી. પોલીસે ચોરી થયેલા બંને મોબાઈલના IMEI નંબર CEIR પોર્ટલ પર અપલોડ કર્યા હતા. આરોપીએ ચોરીના એક મોબાઈલમાં પોતાના નામનું સિમકાર્ડ નાખતા, CEIR પોર્ટલ દ્વારા તેની ઓળખ અને સરનામું પોલીસને મળ્યું હતું.

## સત્તા ગુમાવ્યા બાદ ભાજપ નેતા પાલિકા વહીવટ પાછળ પડ્યા:અંકલેશ્વર પાલિકાના ખીચડી કાંડમાં કોરાણે મૂકાયેલા નેતાનો દોરીસંચાર હોવાનો ઘટસ્ફોટ

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર નગરપાલિકામાં વર્ષો સુધી સત્તા સંભાળ્યા બાદ હવે પાર્ટીએ સાઈડલાઈન કરી દેતાં બેબાકળો બનેલો એક નેતા હવે પાલિકામાં ઘર કા ભેદી લંકા ધાયે જેવી ભૂમિકા ભજવી રહયો છે. રાજ્યના એક મંત્રીના નજીકનાઓ પૈકી એકમાં ગણાતા આ કહેવાતા અને બની બેઠેલાં નેતાના દોરી સંચારથી પાલિકામાં ખીચડીનું રૂા.63 હજારનું બિલ આવ્યું હોવાની માહિતી બહાર આવી હોવાની ચર્ચાથી રાજકીય માહોલ ગરમાયો છે. આ નેતા અગાઉ પણ શહેરમાં વિકાસકામોના મામલે વિવાદમાં આવી ચુકયો છે. તેમાં પણ વોર્ડ-1માં ભાજપમાં બળવો થયો હતો. પાલિકામાં ભાજપને ગત વર્ષની સરખામણીએ 6 બેઠક ગુમાવવાનો વારો આવ્યો હતો. નગરપાલિકામાં પ્રમુખપદને લઈને પણ ગત ટર્મની જેમ આ ટર્મમાં પણ ભારે ખેંચતાણ ચાલી હતી. નવી બોડીએ સત્તા સંભાળતાની સાથે એક પછી એક કાંડ બહાર આવી રહયાં છે. અંકલેશ્વરમાં પુર અસરગ્રસ્તોને ખીચડી વિતરણ કરતી વખતે ભાજપના આગેવાનો અને પાલિકાના સત્તાધીશોએ સેવા પરમો ધર્મ સહિતના સ્લોગનો મુકીને ભારે વાહવાહી લુંટી હતી.

## દહેગામની રખિયાલ પોલીસે ધારીસણા ગામેથી 4 જુગારીને ઝડપ્યા:ગોચરની જગ્યામાં જુગાર રમતા ₹16,800 રોકડ જપ્ત

ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાની રખિયાલ પોલીસે ધારીસણા ગામની સીમમાંથી જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી કુલ 16,800 રોકડા અને જુગારનો અન્ય મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસને ખાનગી બાતમી મળી હતી કે ધારીસણા ગામની સીમમાં આવેલી ગોચરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પાના પત્તાથી જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે પંચો સાથે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન જુગાર રમતા ચાર આરોપીઓને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી 15,600 રોકડા અને દાવ ઉપરથી 1,200 રોકડા મળી કુલ 16,800 રોકડ જપ્ત કરી હતી. આ ઉપરાંત, 52 નંગ ગંજી પાના પત્તા પણ કબજે કરવામાં આવ્યા હતા.

### "મોટા માછલાઓને બચાવવા નાના કર્મચારીઓનો બલિનો બકરો બનાવાય છે"

# IKDRCમાં 83 કરોડના કૌભાંડના આક્ષેપો સામે કિરણ પારેખનો સણસણતો પલટવાર

### કોંગ્રેસ-ભાજપના કથિત 'ગઠબંધન' અને PMO ફંડમાં 40% કમિશનના આરોપોથી ગુજરાતના રાજકારણ અને આરોગ્ય ક્ષેત્રે ભારે ખળભળાટ; કેગ (CAG) રિપોર્ટના ખુલાસા બાદ તપાસની માંગ બુલંદ

અમદાવાદ

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC) એટલે કે કિડની હોસ્પિટલમાં આચરવામાં આવેલા કથિત ૮૩ કરોડ રૂપિયાના ડાયાલિસિસ સાધનોના કૌભાંડના અહેવાલોએ સમગ્ર રાજ્યમાં ભારે સળવળાટ મચાવી દીધો છે. કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજ સિંહ દ્વારા કરવામાં આવેલા સંગીન આક્ષેપો સામે આવ્યા બાદ, આ સમગ્ર મામલે કિરણ પારેખે મૌન તોડીને સામે પક્ષે આકરા પ્રહારો કર્યા છે અને પોતાની સામેના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે.




### બાયોટ્રસ્ટ અને પત્નીની કંપની અંગે કિરણ પારેખનો સ્પષ્ટ ખુલાસો

પોતાની અને પરિવારની કંપની પર લાગેલા આક્ષેપો ફગાવતા કિરણ પારેખે જણાવ્યુ હતું કે, 'બાયોટ્રસ્ટ કંપની ૨૦૧૩થી આ ક્ષેત્રમાં પારદર્શક રીતે ધંધો કરી રહી છે. કંપની દર વખતે મેરિટના ધોરણે જ આગળ આવે છે અને ક્યારેય ડાયરેક્ટ ટેન્ડરમાં ભાગ લેતી નથી. ટેન્ડર મંજૂર કરવાનું કામ ટેન્ડર કમિટીનું છે, અને હું પોતે આ કમિટીનો સભ્ય પણ નથી. આજદિન સુધી બાયોટ્રસ્ટ કે મને મેનેજમેન્ટ તરફથી કોઈ પણ પ્રકારની કારણ દર્શાવ નોટિસ, વાંધા-સૂચન કે ચેતવણી આપવામાં આવ્યા નથી.'

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'મારી પત્નીને સમગ્ર દેશમાં સ્વતંત્ર રીતે ધંધો કરવાનો સંવિધાનિક અધિકાર છે. દેશભરમાં ૮૩ કરોડ રૂપિયાના ડાયાલિસિસના સાધનોનું વેચાણ નિયમ મુજબ અને મેરિટના આધારે જ થયું છે. ભૂતકાળમાં પણ આવી ફરિયાદો થઈ હતી, જેના સંદર્ભે IKDRC દ્વારા સરકારને રિપોર્ટ સોંપાયો હતો અને આરોગ્ય સચિવ કક્ષાએથી મારી પત્નીની કંપનીને સંપૂર્ણ 'ક્લીન ચીટ' આપવામાં આવેલી છે.'


### "અન્ય ભ્રષ્ટાચાર છુપાવવા નાના કર્મચારીઓ પર દોષનો ટોપલો"

કિરણ પારેખે અત્યંત ગંભીર આરોપ લગાવતા જણાવ્યું કે, હોસ્પિટલમાં ચાલતી અન્ય ગેરરીતિઓ અને મોટા કૌભાંડો પરથી સામાન્ય જનતાનું ધ્યાન ભટકાવવા માટે નાના અને કરાર આધારિત કર્મચારીઓ પર દોષનો ટોપલો ઢોળવામાં આવી રહ્યો છે. જે કર્મચારીઓ પાસે આદેશ આપવાની સત્તા જ નથી, તેઓ કઈ રીતે કરોડોના ડાયાલિસિસ મશીનો ખરીદવાનો ઓર્ડર આપી શકે? ભૂતકાળમાં ડાયાલિસિસ સેન્ટરના મશીનોની ખરીદીમાં થયેલી ગેરરીતિઓનો CAG (કેગ) રિપોર્ટમાં પણ ઉલ્લેખ થયેલો છે. આ ખરીદી જે-તે વખતના આરોગ્ય મંત્રી અને આરોગ્ય સચિવની મંજૂરીથી જ થઈ હતી. છતાં મોટા માછલાઓને બચાવી લેવાયા અને નિર્દોષ નાના કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા.

### રાજકીય ગઠબંધન અને 40% કમિશનના આક્ષેપથી સનસનાટી

આ સમગ્ર પ્રકરણમાં કિરણ પારેખે એક નવો રાજકીય વિસ્ફોટ કરતા દાવો કર્યો છે કે, 'કિડની હોસ્પિટલના મૂળ કૌભાંડો બહાર ન આવે તે માટે કોંગ્રેસ અને ભાજપનું અંદરખાને 'ગઠબંધન' થઈ ગયું છે.'

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હોસ્પિટલમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર ધમધમી રહ્યો છે. એટલું જ નહીં, પ્રધાનમંત્રી ફંડમાંથી પણ ૪૦% જેટલું કમિશન લેવામાં આવતું હોવાના સણસણતા આક્ષેપો થતાં ગાંધીનગર સુધીના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ફફડાટ પડી ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચારમુક્ત શાસનનું જે સપનું જોયું હતું તે આવા અધિકારીઓને કારણે સાકાર થઈ રહ્યું નથી.



| | | |
|---|---|---|
| ૨. | ડાયાલીસીસની સારવારમાં વપરાતા મટીરીયલ્સમાં કમિશન તેમજ શ્રી કિરણભાઈ પરીખની પત્ની તેમજ સાસુ-સસરાના નામે ચાલતી એજન્સી મારફતે ખરીદી | • ડાયાલિસિસની સારવારમાં માટે વપરાતી મેડીકલ સાધન સામગ્રીની ખરીદી, ખરીદ નિતી મુજબ ટેન્ડરથી કરવામાં આવેલ છે. અને આ ખરીદી, IKDRCની ખરીદ સમિતિ દ્વારા કરવામાં આવે છે. Biotrust Medical Devices પેઢી કિરણભાઈ પરીખના પત્નીના નામે અને N.G. Solutions પેઢી તેમના સાસુ-સસરાના નામે છે અને તેઓ સ્વતંત્ર રીતે ઘણા વર્ષોથી ભારતભરમાં વેપાર કરે છે. આ બંન્ને પેઢીઓ સીધી રીતે ટેન્ડર પ્રક્રીયામાં સંકળાયેલ નથી. ઉત્પાદકના અધિકૃત વિક્રેતા તરીકે રાજ્ય ભરમાં સામાન પહોંચાડવાની કામગીરી ઉત્પાદક વતી કરે છે. • ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ ડાયાલીસીસની સારવારમાં વપરાતાં મટીરીયલ્સની ખરીદી માટે સંસ્થામાં કોઈપણ જાતની ખરીદી બારોબાર કોઈ પાર્ટી પાસેથી કરવામાં આવતી નથી. |
| ૩. | વર્ષ – ૨૦૨૨માં પ્રોજેક્ટ હેઠળ ૬૨૨ Nipro કંપનીના ડાયાલીસીસ મશીનની ખરીદીમાં કૌભાંડ.. | • વર્ષ – ૨૦૨૨માં, IKDRC ખાતે, તમામ ખરીદી પ્રવર્તમાન ખરીદ નીતિના નિયમો અનુસાર, (n) Procure ટેન્ડર દ્વારા કે GeM મારફતે કરવામાં આવેલ હતી. જેમાં, હિમોડાયાલીસીસ મશીન નંગ ૬૦૦ની ખરીદી માટે GeM પર ટેન્ડર પ્રક્રીયા અનુસરવામાં આવી હતી. સદર ટેન્ડરમાં, પાત્ર ઠરેલ L-1 બીડર – Nipro Medical (india) Pvt Ltd. કંપનીના એક મશીનની કિંમત(unit price) રૂા.7,20,000/- હતી. સદર ખરીદ કરાયેલ પ્રક્રિયા (ટેન્ડર સહિત) **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી પાસે ચકાસણી કરાયેલ છે.** જેમાં ખરીદ પદ્ધતિ ને યોગ્ય ઠરાવેલ છે. જેની ખરીદી નિયમો અનુસાર જ હોઈ, ફરિયાદી એ કરેલ આક્ષેપમાં તથ્ય જણાતુ નથી. |

૪. ઉક્ત અહેવાલમાં તપાસ કમિટીના અભિપ્રાયની વિગત નીચે મુજબ છે.

**હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું PMO (પ્રધાનમંત્રી કાર્યાલય) દ્વારા આ સમગ્ર મામલે તટસ્થ તપાસના આદેશ આપવામાં આવશે? રાજ્ય સરકાર આ કરોડોના કૌભાંડ અને ગાંધીનગર સુધી લંબાયેલા ભ્રષ્ટાચારના તાર સામે કેવા પગલાં ભરે છે તેના પર સૌની નજર ટકેલી છે.**

### સરકાર સજાગ હોય તો બીજીવાર લઠ્ઠાકાંડ થાય જ નહીં

## 4 વર્ષમાં 6 વખત ઝેરી લઠ્ઠાકાંડ દાદા-દીકરાની સરકારની વહીવટીય નિષ્ફળતા-હપ્તાખોરીની મોં બોલતી ચાડી ખાય છે!

અમદાવાદ

ગાંધીના ગુજરાતમાં કાગળ પર ચાલતી દારૂબંધીના નામે ઊભી કરાયેલી ગુલાબી છબી પાછળ કાળો, ઝેરી અને હપ્તાખોરીનો ખુલ્લો કારોબાર ધમધમી રહ્યો છે. જો સરકાર અને પોલીસ વહીવટ ખરેખર સજાગ હોય, તો એક જ રાજ્યમાં વારંવાર લઠ્ઠાકાંડની ગંભીર હોનારતો સર્જાય જ નહીં. પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા ૪ વર્ષના ટૂંકા ગાળામાં જ ગુજરાતમાં નાની-મોટી ૬ જેટલી લઠ્ઠાકાંડની હોનારતો નોંધાઈ ચૂકી છે. આ આંકડો જ પુરવાર કરે છે કે વર્તમાન 'દાદા-દીકરા'ની સરકાર અને રાજ્યનું ગૃહ વિભાગ નૈતિક રીતે સંપૂર્ણ ભાંગી પડ્યું છે અને સમગ્ર વહીવટી તંત્ર અંદરથી કોહવાઈ ચૂક્યું છે.

ગાંધીનગરના વાતાનુકૂલિત કમરાઓમાં બેસીને 'ઝીરો ટોલરન્સ'ના પોકળ દાવા કરતી સરકાર વાસ્તવિક ધરાતલ પર બુટલેગરો સામે નતમસ્તક થઈ ગઈ હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા દારૂના અડ્ડાઓ પર બુલડોઝર ફેરવવાના કે કડક કાર્યવાહી કરવાના જે પોકળ આદેશો આપવામાં આવે છે, તેનો અમલ સ્થાનિક પોલીસ સ્ટેશનના ઉંબરા સુધી પણ પહોંચતો નથી. જો આ આદેશોનો અમલ થતો હોત, તો વારંવાર માસૂમ નાગરિકોની ચિતાઓ સળગતી ન હોત અને મહિલાઓ વિધવા બનતી ન હોત. રાજ્યના ખૂણેખૂણે દારૂની ભઠ્ઠીઓ ચલાવવાનો ખુલ્લો પરવાનો માત્ર ને માત્ર પોલીસ તંત્ર અને બુટલેગરોના મિલીભગતથી ચાલતા 'હપ્તા રાજ'ને કારણે જ શક્ય બન્યો છે.

સરકાર અને ખાખી વરદી સામે ઊભા થતા સણસણતા સવાલો:

હપ્તાખોરીની ગંગોત્રી અને કાળી કમાણી: રાજ્યમાં દારૂના અડ્ડાઓ પરથી મહિને ઉઘરાવાતા લાખો-કરોડો રૂપિયાના હપ્તા નીચલા સ્તરના બીટ જમાદારથી લઈને કયા ઉચ્ચ આઈપીએસ અધિકારીઓ અને રાજકારણીઓ સુધી પહોંચે છે? શું આ કાળી કમાણીના મોહમાં જ જનતાના જીવને હોમાઈ જવા દેવામાં આવે છે? ગૃહ વિભાગનું નાટક અને આકાઓની છાવવણી: ૪ વર્ષમાં ૬ વખત લઠ્ઠાકાંડ થવા છતાં કોઈ મોટા ગજાના આઈપીએસ (IPS) કે જિલ્લા પોલીસ વડા સામે કાયમી અને કડક શિક્ષાત્મક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? દર વખતે માત્ર નાના હોદ્દા ધરાવતા પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરીને મામલો રફેદફે કરી દેવાનો નાટક કેમ ખેલાય છે?

### 30 ઓગસ્ટ સુધી 6500 એક્સ્ટ્રા ટ્રીપ શરૂ કરાશે

## રક્ષાબંધન પહેલા ગુજરાતને 101 નવી એસટી બસની ભેટ : હર્ષ સંઘવીએ લીલીઝંડી આપી!!

ગાંધીનગર

રક્ષાબંધન પર્વ પહેલાં રાજ્યની માતા-બહેનો અને મુસાફરોને રાજ્ય સરકારે નવી ST બસની ભેટ આપી છે. ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 101 નવી એસ.ટી.બસનું લોકાર્પણ કરી લીલીઝંડી આપી હતી. આ નવી બસમાં 71 સુપર એક્સપ્રેસ, 20 મિની અને 10 સ્લીપર કોચ બસનો સમાવેશ થાય છે. બસમાં સ્વચ્છતા, મુસાફરોની સુવિધા અને આરામને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રક્ષાબંધનના વિશેષ સંચાલનમાં આ નવી બસનો પણ ઉપયોગ કરવામાં આવશે.

રક્ષાબંધન દરમિયાન મુસાફરોના ઘસારાને ધ્યાનમાં રાખી આજે 26 ઓગસ્ટથી 30 ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં આશરે 6,500 એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના શહેરો ઉપરાંત અંબાજી, પાવાગઢ અને સોમનાથ સહિતના તીર્થધામોના રૂટ પર વિશેષ બસ દોડાશે. આ ઉપરાંત રક્ષાબંધનને ધ્યાનમાં રાખી નવી બસ 65 નવા રૂટ પર મૂકવામાં આવી છે. મુસાફરો માટે ઓનલાઈન તેમજ ડેપો પરથી એડવાન્સ બુકિંગની



સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ગત વર્ષે રક્ષાબંધન દરમિયાન ST નિગમ દ્વારા 6,402 વધારાની ટ્રીપ દોડાવવામાં આવી હતી અને આશરે 3.33 લાખ મુસાફર નોંધાયા હતા. આ વર્ષે મુસાફરોની સંખ્યા અને ઘસારો ધ્યાનમાં રાખીને વધારાની ટ્રીપનું આયોજન વધારવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં બસોનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના મેયર મીરા પટેલે બસને કંકુના ચાંદલા કર્યા હતા. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ ડ્રાઈવરને બસની ચાવી અર્પણ કરી હતી. તેમણે નવી બસમાં બેસી નિરીક્ષણ પણ કર્યું હતું.

## હેન્ડસમ ચહેરો જોઈને વિશ્વાસ ન કરશો! 'RENT A BOYFRIEND'ના નામે બોગસ બુકિંગ, QR કોડ પેમેન્ટ અને બ્લેકમેલિંગની નવી જાળ: સાવધાન!

### આવા ડિજિટલ ગુનાઓથી બચવા માટે સાયબર એક્સપર્ટ્સ અને પોલીસ તંત્ર દ્વારા સખત ચેતવણી આપવામાં આવી છે: સો. મીડિયા પર દેખાતા અજાણ્યા આકર્ષક ચહેરા કે આ પ્રકારની અનૈતિક અને અજાણી સર્વિસ આપતી વેબસાઈટ/પેજ પર આંધળો વિશ્વાસ ન કરવો

સોશિયલ મીડિયાના ગ્લેમરસ જમાનામાં ડિજિટલ યુગની સુવિધાઓ સાથે સાયબર શાર્ક અને ઠગબાજોએ લોકોને પોતાની જાળમાં ફસાવવા માટે એક નવો જ 'ડિજિટલ કાળો કારોબાર' શરૂ કર્યો છે. હાલમાં ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'રેન્ટ એ બોયફ્રેન્ડ' (Rent A Boyfriend) નામે સનસનાટી મચાવતું નવું સાયબર સ્કેમ સામે આવ્યું છે. આકર્ષક અને હેન્ડસમ ચહેરાઓના ફોટાનો ઉપયોગ કરીને યુવતીઓ, વિધવાઓ અને એકલવાયું જીવન જીવતી મહિલાઓને ટાર્ગેટ બનાવી લાખો રૂપિયાનો ચૂનો લગાવવાનો મોટો અને વ્યવસ્થિત ખેલ ચાલી રહ્યો છે.

એઆઈ (AI) અને બનાવટી પ્રોફાઈલનો સહારો: સાયબર ફ્રોડ કરનારા ઠગો સોશિયલ મીડિયા પ્રોફાઈલ, ઈન્સ્ટાગ્રામ પેજ તેમજ વ્હોટ્સએપ ગ્રુપ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) થી જનરેટ કરેલા અથવા વિદેશી મોડેલ્સના અત્યંત આકર્ષક, હેન્ડસમ અને લાઈફસ્ટાઈલ દર્શાવતા ફોટા મૂકીને 'બોયફ્રેન્ડ ઓન રેન્ટ'ની જાહેરાતો કરે છે.

રજિસ્ટ્રેશન અને પ્રોસેસિંગ ફીના નામે તોડ: જ્યારે કોઈ પીડિત આ પ્રોફાઈલ પર આપેલા નંબર કે લિંક પર સંપર્ક કરે છે, ત્યારે શરૂઆતમાં 'સિક્યોરિટી ડિપોઝિટ', 'પ્રોફાઈલ રજિસ્ટ્રેશન', 'વેરિફિકેશન ચાર્જ' કે 'લાઈફટાઈમ મેમ્બરશિપ'ના નામે નાની-મોટી રકમના QR કોડ મોકલીને ઓનલાઈન UPI પેમેન્ટ કરાવવામાં આવે છે.

એકવાર નાણાં ખાતામાં ટ્રાન્સફર થઈ જાય એટલે સાયબર ઠગો નવી નવી ફીના નામે વધુ પૈસા પડાવવાનું શરૂ કરે છે. જો પીડિત પૈસા આપવાની ના પાડે, તો તેમણે કરેલી ચેટિંગ, મોકલેલી અંગત વિગતો, કોલ રેકોર્ડિંગ કે પેમેન્ટના સ્ક્રીનશોટનો ઉપયોગ કરીને બદનામ કરવાની અને પોલીસ કે પરિવારમાં જાણ કરવાની ધમકી આપીને તબક્કાવાર હજારો-લાખો રૂપિયાનું બ્લેકમેલિંગ શરૂ કરવામાં આવે છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 27 ઓગસ્ટ 2026 | અમદાવાદ

**જે બાળકે જન્મ જ નથી લીધો, તે સુરજગઢની આશ્રમશાળામાં ભણે છે!'**

# જૂનાગઢમાં બોગસ L.C. અને વયપત્રકના આધારે કરોડોનું 'ભૂતિયા' શૈક્ષણિક કૌભાંડ!

જૂનાગઢ

'જે બાળકે આ પૃથ્વી પર જન્મ જ નથી લીધો, તે બાળક આ શાળામાં ભણી રહ્યો છે! જો આવા અદ્રશ્ય અને ભૂતિયા બાળકો જોવા હોય તો આવો જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં આવેલા સુરજગઢ ગામની 'ભગવતી આશ્રમશાળા'માં!'

ગુજરાતના શિક્ષણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના નાક નીચેથી કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટની ખુલ્લેઆમ લૂંટ ચલાવતું એક મહાકૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના સાસણ ક્લસ્ટર અંતર્ગત આવતી 'શ્રી ભગવતી આદિજાતિ આશ્રમશાળા'માં વહીવટી તંત્ર અને સંચાલકોની મિલીભગતથી અસ્તિત્વ વગરના કાલ્પનિક બાળકોના નામે કરોડો રૂપિયાની કમાણી કરવાનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી ગાંધીનગરમાં બેસીને 'ગુણવત્તાયુક્ત શિક્ષણ'ના મોટા-મોટા દાવા કરી રહ્યા છે, પણ તેમના જ વિભાગમાં ચાલતી આ લૂંટ સામે તેઓ મૌન ધરીને બેઠા છે! સરકારી



ગ્રાન્ટ મેળવવાનો અને ઓડિટમાં પકડાઈ ન જવાનો એક સિસ્ટમેટિક અને ભ્રષ્ટ ખેલ આ સંસ્થામાં રચવામાં આવ્યો છે: અસ્તિત્વ વગરના 'ભૂતિયા' બાળકો: શાળાના ચોપડા અને ઓનલાઈન પોર્ટલ પર પૂરતો ઈન્ટેક બતાવવામાં આવે છે, પરંતુ જમીની હકીકતમાં વાસ્તવિક વિદ્યાર્થીઓ અડધા પણ નથી. જે બાળકોનું વાસ્તવિક અસ્તિત્વ જ નથી અથવા જેમણે ક્યારેય જન્મ જ નથી લીધો, તેવા કાલ્પનિક બાળકોને પણ આ શાળાના રજિસ્ટર પર દાખલ બતાવીને સરકારની આંખમાં ધૂળ નાખવામાં આવી રહી છે.

બોગસ L.C., વયપત્રક અને હાજરી: ડ્રોપ-આઉટ થયેલા કે ક્યારેય શાળાએ ન આવેલા બાળકોના ખોટા લિવિંગ સર્ટિફિકેટ (L.C.) અને નકલી જન્મ પ્રમાણપત્રો (વયપત્રક) તૈયાર કરવામાં આવે છે. વર્ગખંડમાં બાળકોની ફિઝિકલ હાજરી શૂન્ય હોવા છતાં દૈનિક હાજરી પત્રકોમાં ખોટી સહીઓ અને બોગસ એન્ટ્રીઓ કરી કાગળ પર બાળકો ઉપસ્થિત દર્શાવાય છે.

### શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી પર સણસણતા સવાલો

- તમારી છત્રછાયા હેઠળ જૂનાગઢની ભગવતી આશ્રમશાળામાં કાગળ પર બાળકો ભણી રહ્યા છે અને કરોડો રૂપિયા ઉસેડાઈ રહ્યા છે, શું તેની જાણ તમને નથી? કે પછી આ કરોડોના કૌભાંડના છાંટા ગાંધીનગર સુધી પહોંચે છે?
- આદિજાતિ વિકાસ અધિકારીઓ અને પ્રાયોજના વહીવટદારો શા માટે આ આશ્રમશાળાની અચાનક (સરપ્રાઈઝ) રૂબરૂ તપાસ કરતા નથી? આધાર વેરિફિકેશનમાં શૂન્ય પરિણામ ધરાવતી આવી સંસ્થાઓને કોના આશીર્વાદથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે?
- "આપણા શિક્ષણ વિભાગની કમાલ તો જુઓ સાહેબ; જ્યાં બાળકનો જન્મ પણ નથી થયો, ત્યાં ચોપડે ભણીને એ સીધો સ્નાતક પણ થઈ જાય છે!" આ ગંભીર કૌભાંડ સામે તાત્કાલિક ઉચ્ચસ્તરીય તપાસ કમિટી નીમી, બોગસ L.C. અને નકલી રેકોર્ડ બનાવનાર સંચાલકો, આચાર્યો અને મદદગાર ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક ફોજદારી ગુનો (FIR) દાખલ કરીને હડપ કરેલી ગ્રાન્ટની વસૂલાત કરવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે.

## દાંતામાં નવા CDPOની સરાહનીય કામગીરી વચ્ચે આંગણવાડીનું વિતરણ કરનાર બદલવાની લોકોની માંગ

દાંતા

દાંતા-હડાદ તાલુકામાં નવા આવેલા CDPOની કામગીરીને લઈને આંગણવાડી કેન્દ્રોની વ્યવસ્થામાં સુધારો જોવા મળી રહ્યો હોવાનો સ્થાનિક લોકોનો દાવો છે. આંગણવાડી કાર્યકર્તા બહેનો પણ નિયમિત રીતે કામગીરી કરતી થઈ હોવાનું તેમજ બાળકો અને સગર્ભા મહિલાઓને પૂરતો નાસ્તો અને પોષણયુક્ત આહાર મળતો હોવાની ચર્ચા છે.

જોકે, બીજી તરફ આંગણવાડીમાં વિતરણની કામગીરીને લઈને સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. અગાઉ પણ આંગણવાડીના વિતરણને લગતા વિવાદમાં રહેલા વ્યક્તિને જ ફરીથી વિતરણની જવાબદારી સોંપવામાં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

સ્થાનિક લોકોની માંગ છે કે અગાઉ વિવાદોમાં રહેલા વિતરણકર્તાને આ કામગીરીમાંથી દૂર કરવામાં આવે અને દાંતા-હડાદ તાલુકામાં પારદર્શક રીતે કામગીરી કરી શકે તેવા અન્ય યોગ્ય વ્યક્તિને આંગણવાડીના



વિતરણની જવાબદારી સોંપવામાં આવે.

લોકોએ સંબંધિત તંત્ર દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી, આંગણવાડીના બાળકો અને સગર્ભા મહિલાઓને મળતા પોષણ આહારના વિતરણમાં પારદર્શિતા જળવાય તે માટે જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે.

**હવે પ્રશસ્ત 2.0 એપથી તમામ વિદ્યાર્થીઓનું સ્ક્રીનિંગ**

## એક કામગીરી પૂરી નથી ત્યાં શિક્ષકોને નવી જવાબદારી!!

ગાંધીનગર

રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને માન્ય ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્ક્રીનિંગ માટે શિક્ષકોને વધુ એક કામગીરી સોંપવામાં આવી છે. ગુજરાત શાળા શિક્ષણ પરિષદના સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ દ્વારા PRASHAST 2.0 એપ્લિકેશન મારફતે ધોરણ-1થી ધોરણ-12 સુધીના તમામ વિદ્યાર્થીઓનું Part-I Screening કરવા સૂચના આપવામાં આવી છે. કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલી PRASHAST એપનો હેતુ દિવ્યાંગતા ધરાવતા બાળકોની સમયસર ઓળખ, જરૂરી શૈક્ષણિક સહાય, સહાયક સાધનો અને યોગ્ય શૈક્ષણિક આયોજન કરવામાં મદદરૂપ થવાનો છે. PRASHAST 2.0ને UDise+ સાથે સંકલિત કરવામાં આવી હોવાથી શાળા, આચાર્ય, શિક્ષકો, વિશેષ શિક્ષકો અને વિદ્યાર્થીઓની માહિતી મેળવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પરિપત્ર



મુજબ વર્ષ 2026-27 દરમિયાન રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને માન્ય ખાનગી શાળાઓમાં ધોરણ-1થી ધોરણ-12 સુધીના તમામ વિદ્યાર્થીઓનું PRASHAST 2.0 એપ મારફતે Part-I Screening કરવાનું રહેશે. શાળાઓને સૌપ્રથમ UDise+માં વિદ્યાર્થીઓની માહિતી અપડેટ કરવા અને નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવા જણાવાયું છે. સ્ક્રીનિંગ પહેલાં તમામ શિક્ષકોએ PRASHASTના વીડિયો ટ્યુટોરિયલ જોઈ તાલીમ મેળવવાની તથા ત્યારબાદ વિદ્યાર્થીઓનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવાની સૂચના અપાઈ છે. પરિપત્રમાં જિલ્લા અને બ્લોક કક્ષાના અધિકારીઓને PRASHAST 2.0માં કેપ્ચર થયેલા ડેટાની નિયમિત દેખરેખ રાખવા અને જરૂરિયાત મુજબ શિક્ષકોને માર્ગદર્શન આપવા જણાવાયું છે. Part-II Screening અને IEP તૈયાર કરવા માટે વિશેષ શિક્ષકોની મદદ લેવાની પણ સૂચના છે.

## હાઈ વોલ્ટેજનો કહેર! બોડેલીના વાંટડા ગામે 35થી 40 ઘરોના વીજ ઉપકરણો બળી ગયા

બોડેલી

તાલુકાના વાંટડા ગામે 25 ઓગસ્ટની રાત્રે આશરે 11 વાગ્યાના સુમારે અચાનક હાઈ વોલ્ટેજ આવતા ગ્રામજનોમાં અફરાતફરી મચી ગઈ હતી. હાઈ વોલ્ટેજના કારણે ગામના અંદાજે 35થી 40 જેટલા ઘરોમાં પંખા, ટીવી, ફ્રિજ, બલ્બ સહિતના અનેક વીજ ઉપકરણો બળી ગયા હોવાના આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે અચાનક વીજ વોલ્ટેજ વધી જતાં ઘરોમાં પંખા પૂરપાટ ફરવા લાગ્યા હતા અને લાઈટો વારંવાર ચાલુ-બંધ થવા લાગી હતી. ઘટનાથી ગભરાયેલા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સ્થિતિ સામાન્ય થયા બાદ ઘરોમાં તપાસ કરતાં અનેક વીજ ઉપકરણો બળી ગયેલા જોવા મળ્યા હતા. હાઈ



વોલ્ટેજના કારણે આશરે 35થી 40 ઘરોમાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનો ગ્રામજનોનો દાવો છે. ઘટનાને પગલે ગ્રામજનોમાં વીજ વિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે ગામમાં વીજ પુરવઠાને લગતી સમસ્યાઓ વારંવાર સર્જાય છે. વીજ વિભાગને અગાઉ પણ જાણ કરવામાં આવી હોવા છતાં ફરિયાદો પ્રત્યે સમયસર ગંભીરતા દાખવવામાં આવતી નથી અને કર્મચારીઓ મોડા પહોંચતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

**ડભોઇમાં પાલિકા તંત્રની ઘોર બેદરકારી**

## પરબડી વિસ્તારમાં ઈદ-એ-મિલાદનું જુલૂસ ગટરના ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર

ડભોઇ

ડભોઈ નગરમાં નગરપાલિકા તંત્રની ઘોર અણઆવડત, આળસ અને વહીવટી નિષ્ફળતાનો વધુ એક શરમજનક કિસ્સો સામે આવ્યો છે. નગરના પરબડી વિસ્તારમાં લાંબા સમયથી વણઉકેલાયેલી ગટર ઉભરાવાની ગંભીર સમસ્યાને કારણે પવિત્ર ઈદ-એ-મિલાદના પર્વે નીકળેલા જુલૂસને ગટરના દુર્ગંધયુક્ત અને ગંદા પાણીમાંથી પસાર થવાની નોબત આવી હતી. પવિત્ર તહેવારના દિવસે જ મુસ્લિમ બિરાદારોને ભારે યાતના અને હાલાકી ભોગવવી પડતા સ્થાનિક નગરજનોમાં પાલિકા તંત્ર સામે આક્રોશનો વિસ્ફોટ થયો છે. આ સમગ્ર મામલે સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે ડભોઈ નગરપાલિકાના ઉપપ્રમુખ ખુદ આ જ પરબડી વિસ્તારમાંથી





આવે છે! સ્થાનિક રહીશો દ્વારા અગાઉ ગટર ઉભરાવાની આ ગંભીર સમસ્યા અંગે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, પાલિકાના અધિકારીઓ કે ચૂંટાયેલા ઉપપ્રમુખના પેટનું પાણી સુદ્ધાં હલ્યું ન હતું. પોતાના જ વિસ્તારમાં પવિત્ર તહેવારના ટાણે પણ ગંદકી દૂર ન કરાવી શકતા નિષ્ક્રિય સત્તાધીશોની કામગીરી સામે લોકોમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. ડભોઈ નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન આવતા જ નગરજનોને મોટી આશા હતી કે પાયાની સુવિધાઓ, રસ્તા અને સફાઈના પ્રશ્નોનો કાયમી ઉકેલ આવશે. પરંતુ તહેવારના દિવસે જ ગટરના ગંદા પાણીમાંથી જુલૂસ કાઢવાની નોબત આવતા પ્રજાની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. અગાઉ ભાજપના શાસનમાં નાના-મોટા વાર-તહેવારે સફાઈ અને પાયાની સુવિધાઓની યોગ્ય વ્યવસ્થા જળવાઈ રહેતી હતી.

**ટક્કરનો કાનફાડ અવાજ આવતા જ સ્થાનિક રહીશો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા**

## ડભોઈના શિનોર ચોકડી નજીક ઈકો અને એક્ટિવા વચ્ચે ભીષણ અકસ્માત: 1 ઈજાગ્રસ્ત, સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો

ડભોઇ

ડભોઈના અત્યંત વ્યસ્ત અને ધમધમતા એવા શિનોર ચોકડી વિસ્તાર નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા ચકચાર મચી જવા પામી છે. પૂરપાટ ઝડપે આવી રહેલી એક ઈકો ગાડી અને એક્ટિવા મોપેડ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો કે ઈકોની ટક્કર વાગતા જ એક્ટિવા



ચાલક હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો. અકસ્માતમાં એક્ટિવા ચાલકને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ટક્કરનો કાનફાડ અવાજ આવતા જ આસપાસના સ્થાનિક રહીશો અને રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોતજોતામાં સ્થળ પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને સ્થાનિકોએ માનવતા દાખવી ઈજાગ્રસ્તની મદદે પહોંચી તેને પ્રાથમિક કાળજી આપી હતી. ઘટના અંગે તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવી હતી. વિલંબ કર્યા વિના ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબો દ્વારા તેની ગંભીર સારવાર શરૂ કરવામાં આવી છે. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો.

## પાલનપુરમાં સમતા સ્કૂલની ગલીમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા: પોલીસની રેઇડમાં 11,150ની રોકડ જપ્ત

પાલનપુર

પાલનપુર શહેરમાં શ્રાવણ માસ પૂર્વે જ જુગારની મોસમ ખીલી હોય તેમ પત્તાપ્રેમીઓ અડ્ડો જમાવીને બેસી રહ્યા છે. તેવામાં પૂર્વ પોલીસની ટીમે સમતા સ્કૂલની ગલીમાં ચાલી રહેલા જુગારધામ પર ઓચિંતી રેઈડ પાડીને ચાર શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહીથી જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.



મળતી માહિતી મુજબ, પાલનપુર શહેરના સોનબાગ પાછળ આવેલી સમતા સ્કૂલની ગલીમાં મયંક વિનોદભાઈ મકવાણાના મકાનની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પૈસાની હાર-જીતનો ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પૂર્વ પોલીસને મળી હતી. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

પોલીસની રેઈડ દરમિયાન સ્થળ પરથી તીનપત્તીનો જુગાર રમતા ચાર શખ્સો ઝડપાઈ ગયા હતા. પકડાનાર આરોપીઓમાં મહેન્દ્ર નટવરલાલ પરમાર (રહે. મીઠીવાવ પાછળ, વણકર વાસ, મીરાગેટ, પાલનપુર), મયંક વિનોદભાઈ મકવાણા, કાળુભાઈ પુંજાભાઈ પરમાર અને વિનોદભાઈ પુંજાભાઈ સોલંકી (ત્રણેય રહે. સમતા સ્કૂલની ગલીમાં, વણકર વાસ, પાલનપુર)નો સમાવેશ થાય છે.

પોલીસે ઘટનાસ્થળેથી આરોપીઓ પાસેથી રૂ. ૧૧,૧૫૦ની રોકડ રકમ તેમજ ગંજીપાના કબજે કર્યા છે. પોલીસે તમામ ચારેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**સુરતમાં વંદે ભારત ટ્રેન પર સનસનાટીભર્યો પથ્થરમારો**

## રાજ્યપાલ આનંદીબેન પટેલ ટ્રેનમાં મુસાફર હતા ત્યારે જ વિઘ્નસંતોષીઓનો હુમલો!

સુરત

સુરત નજીક રેલવે વ્યવસ્થા અને મુસાફરોની સુરક્ષાના ધજાગરા ઉડાવતી અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. દેશની સૌથી પ્રોજેક્ટેડ અને હાઈ-સ્પીડ ગણાતી 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેન પર અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા અચાનક ભારે પથ્થરમારો કરવામાં આવ્યો છે. આ ઘટનાએ રેલવે સુરક્ષા દળ (RPF) અને સ્થાનિક પોલીસ તંત્રના દાવાઓની પોલ ખોલી નાખી છે. જે સમયે આ કાયરતાપૂર્ણ પથ્થરમારો થયો, તે સમયે જ ટ્રેનમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ મુસાફરી કરી રહ્યા હતા! વીઆઈપી મૂવમેન્ટ હોવા છતાં વિઘ્નસંતોષીઓએ ટ્રેનને લક્ષ્ય બનાવીને સણસણતા પથ્થરો રસ્તા



પરથી ફેંક્યા હતા. પથ્થરમારાના કારણે વંદે ભારત ટ્રેનના કોચના કાચ તૂટીને ચકનાચૂર થઈ ગયા હતા, જેનાથી ટ્રેનની અંદર બેઠેલા મુસાફરોમાં ભારે અફડાતફડી અને ભયનો માહોલ સર્જાયો હતો. રાજ્યપાલશ્રી જેવા ઉચ્ચ બંધારણીય હોદ્દો ધરાવતા મહાનુભાવ ટ્રેનમાં સવાર હોય અને આવી ઘટના બને, તે રેલવે સુરક્ષા તંત્રની ઘોર બેદરકારી છતી કરે છે. દેશની ગૌરવવંતી ટ્રેન પર વારંવાર થતા આ પ્રકારના હુમલાઓ પાછળ કયા અસામાજિક તત્વોનો હાથ છે? શું સુરક્ષા એજન્સીઓ માત્ર અકસ્માત કે હુમલા પછી જ જાગશે? આ ગંભીર બનાવ બાદ રેલવે તંત્ર અને પોલીસ કાફલો એક્શન મોડમાં આવ્યો છે અને અજાણ્યા હુમલાખોરોને ઝડપી પાડવા માટે ટ્રેક આસપાસના વિસ્તારોમાં સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે.

**છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણીમાં નવો વિવાદ**

## છોટાઉદેપુર પાલિકા પ્રમુખનું સભ્યપદ રદ થયા બાદ, હવે ચૂંટણી ફોર્મ મંજૂરીની પ્રક્રિયા સામે શંકા

છોટાઉદેપુર

નમસ્કાર, સ્વાગત છે આપનું સમાચારમાં. વાત કરીએ છોટાઉદેપુરના રાજકારણની, જ્યાં છેલ્લા કેટલાક સમયથી સતત ઉથલપાથલ જોવા મળી રહી છે. થોડા સમય પહેલા જ જાતિ પ્રમાણપત્રની ચકાસણી સમિતિના અહેવાલ બાદ પાલિકા પ્રમુખ સહિતના સભ્યોનું સભ્યપદ રદ કરવામાં આવ્યું હતું. આ ઘટના બાદ હવે એક નવો ઘટસ્ફોટ સામે આવ્યો છે, જેણે રાજકીય ગરમાવો લાવી દીધો છે.

આજે અમે વાત કરી રહ્યા છીએ ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાયેલી છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણીની. આ ચૂંટણીમાં એક ઉમેદવારી ફોર્મની મંજૂરી પ્રક્રિયા સામે ગંભીર શંકાઓ વ્યક્ત કરવામાં આવી છે. આખો મામલો શું છે તે વિસ્તારથી સમજીએ.

છોટાઉદેપુર નગરપાલિકાના રાજકારણમાં હાલ ભારે ગરમાવો છે. પ્રમુખના સસ્પેન્શન બાદ, હવે આગામી પ્રમુખની ચૂંટણી પહેલા વધુ એક મુદ્દો ચર્ચાના એરણે ચઢ્યો છે. આ વખતે નિશાન પર છે ચૂંટણી પંચના પત્રમાં આપેલી વિગતો મુજબ, એક અરજદારે રજૂઆત કરી છે કે જમીન મિલકતના સાત બારના ઉતારામાં ઉમેદવારનું અસલ નામ 'કોળી મંગીબેન જંગલીયાભાઈ' છે. જ્યારે ઉમેદવારી ફોર્મ 'બારિયા મીનાબેન ભૂપતભાઈ'ના નામે ભરાયેલું છે. સવાલ એ ઊભો થાય છે કે, શું ચૂંટણી સમયે રિટર્નિંગ ઓફિસર (RO) સમક્ષ આ મુદ્દો ધ્યાનમાં નહોતો આવ્યો? જો આ વિસંગતતા તેમના ધ્યાનમાં હતી, તો ફોર્મ કઈ રીતે મંજૂર થયું? આ એક મોટો તપાસનો વિષય બની ગયો છે. શું તે સમયે કોઈ ગેઝેટ નોટિફિકેશન રજૂ કરાયું હતું કે પછી ગેઝેટમાં નામ પાછળથી બદલાયું છે? આ વિવાદને પગલે, રાજ્ય ચૂંટણી પંચે ગંભીર નોંધ લીધી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા છોટાઉદેપુર જિલ્લા મ્યુનિશિપલ. ચૂંટણી અધિકારી અને કલેક્ટરને એક પત્ર મોકલવામાં આવ્યો છે. આ પત્રમાં અરજદાર 'નીરુબેન રાઠવા' દ્વારા કરાયેલી રજૂઆતનો સંદર્ભ આપવામાં આવ્યો છે. રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે, ૧૬-૨-૨૦૨૫ના રોજ યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૭ માં એક ઉમેદવારના નામમાં મોટી વિસંગતતા હોવા છતાં તેમનું ફોર્મ મંજૂર કરી દેવામાં આવ્યું હતું.

હવે, રાજ્ય ચૂંટણી પંચે આ સમગ્ર મામલે કલેક્ટરને પત્ર મોકલીને સ્પષ્ટતા માંગી છે. પંચે નિર્દેશ આપ્યા છે કે જો ફોર્મ ગેરકાયદે મંજૂર થયું હોય તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. સવાલ એ છે કે જો ખરેખર દસ્તાવેજોમાં નામ અલગ હતું, તો કયા આધારે ફોર્મ મંજૂર કરાયું? શું આ કોઈ વહીવટી ક્ષતિ છે કે પછી બીજું કંઈ?

## તંત્રી લેખ...

# જાતિવાદનો નગ્ન નાચ અને વૃદ્ધાશ્રમનું કડવું સત્ય: ક્યારે જાગશે આપણો સમાજ?


### સમાજને જાતિ-જ્ઞાતિમાં વહેંચતા તત્વો માટે આંખ ઉઘાડતો સવાલ: વૃદ્ધાશ્રમમાં તરછોડાયેલા મા-બાપની પણ ક્યારેક જાતિ શોધીને બતાવો!

આજના આધુનિક અને ડિજિટલ યુગમાં પણ આપણા સમાજને એક એવો રોગ વળગેલો છે જે અંદરથી આખા સમાજને કોરી ખાવાનું કામ કરી રહ્યો છે - અને એ છે 'જાતિવાદ'. ગલીના નાકાથી લઈને રાજકારણના અખાડા સુધી, અને ઘરના આંગણાથી લઈને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ સુધી - દરેક જગ્યાએ લોકો બસ એક જ વસ્તુ શોધવામાં વ્યસ્ત છે: 'આ માણસ કઈ જાતિનો છે?'

પરંતુ આ તમામ જાતિવાદી માનસિકતા ધરાવતા લોકોને આજે એક જલંત અને સણસણતો સવાલ પૂછવાનો સમય આવી ગયો છે.

### વૃદ્ધાશ્રમની તખ્તી પર જાતિ કેમ નથી લખાતી?

જે લોકો દરેક મુદ્દે, દરેક ઘટનામાં અને દરેક સંબંધમાં જાતિ શોધવા નીકળી પડે છે, તેમણે ક્યારેક રાજ્યના કે દેશના



વૃદ્ધાશ્રમોની મુલાકાત લેવી જોઈએ. ત્યાં પોતાના જ સંતાનો દ્વારા તરછોડાયેલા, આંખમાં આંસુ સાથે દિવસો વિતાવતા અસહાય મા-બાપોની જરા જાતિ શોધીને બતાવો!

### શું વૃદ્ધાશ્રમમાં રહેતા મા-બાપમાંથી કોઈ એક જ ચોક્કસ જાતિના હોય છે?

શું કોઈ ઊંચી કે નીચી કહેવાતી જાતિ પોતાના વૃદ્ધ મા-બાપને તરછોડવામાં પાછળ છે?

શું આંસુઓનો કોઈ ધર્મ કે જ્ઞાતિ હોય છે?

સત્ય એ છે કે વૃદ્ધાશ્રમમાં દાખલ થતાં જ તમામ જાતિવાદી સમીકરણો ઓગળી જાય છે. ત્યાં માત્ર એક જ ઓળખ બાકી રહે છે - 'તરછોડાયેલું વાત્સલ્ય અને ભુલાઈ ગયેલી મમતા.'

સમાજની બેવડી માનસિકતા પર આકરો પ્રહાર

આપણે એવા સમાજમાં જીવી રહ્યા છીએ જ્યાં પોતાની જાતિનું ગૌરવ લેવા માટે લોકો મોટી મોટી રેલીઓ કાઢે છે, સમૂહ લગ્નો યોજે છે અને પોતાની જ્ઞાતિના સંગઠનો બનાવે છે. પરંતુ જ્યારે એ જ જ્ઞાતિના કે સમાજના કોઈ વૃદ્ધ મા-બાપ પોતાના જ ઘરમાં એકલવાયું જીવન જીવતા હોય કે વૃદ્ધાશ્રમના ખૂણામાં આખરી શ્વાસ ગણતા હોય, ત્યારે આ જાતિવાદી ઠેકેદારો ક્યાં ગાયબ થઈ જાય છે?

પોતાના જન્મદાતાઓને બોજ સમજીને વૃદ્ધાશ્રમના દ્વારે છોડી આવતા સંસ્કારહીન સંતાનો માટે કોઈ જાતિવાદી પંચાયતો કેમ નથી બોલાવાતી? કેમ કોઈ એવું નથી કહેતું કે 'આપણી જાતિના મા-બાપ વૃદ્ધાશ્રમમાં ન હોવા જોઈએ'?

### સમય આવી ગયો છે જાગૃત થવાનો!

જાતિવાદના નામ પર સમાજમાં ઝેર ઘોળનારા લોકોએ એ સમજવું પડશે કે:

મા-બાપની કોઈ જાતિ નથી હોતી: પ્રેમ, ત્યાગ અને સમર્પણ જ્ઞાતિના સીમાડાથી પર હોય છે.

માનવતા એ જ સૌથી મોટો ધર્મ: જો આપણે પોતાના જ મા-બાપને સન્માન ન આપી શકીએ, તો આપણી ઊંચી જાતિ કે કુળના દાવાઓ સંપૂર્ણપણે ખોકલા અને નકામા છે.

સાચું ગૌરવ સેવા માં છે: સમાજનું સાચું ગૌરવ જાતિના આંકડાઓમાં નહીં, પરંતુ ઘરના વૃદ્ધોના ચહેરા પરના સ્મિતમાં છે.

આજે સમાજે પોતાની સંકુચિત માનસિકતામાંથી બહાર આવવું પડશે. જો આપણે ખરેખર એક સ્વસ્થ અને જાગૃત સમાજનું નિર્માણ કરવા માંગતા હોઈએ, તો જાતિવાદના ચશ્મા ઉતારીને માનવતા અને સંસ્કારોના ચશ્મા પહેરવા પડશે. જે દિવસે દરેક ઘરમાં મા-બાપને યોગ્ય સ્થાન અને સન્માન મળશે, તે દિવસે જ સાચા અર્થમાં સમાજ જાગૃત થયો ગણાશે. વૃદ્ધાશ્રમો ખાલી થશે ત્યારે જ આપણો સમાજ સાચા અર્થમાં પ્રગતિશીલ કહેવાશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય – 11

(વિશ્વરૂપ દર્શન યોગ)

# કૃષ્ણ મારા મિત્ર છે માંથી કૃષ્ણ સર્વના સ્વામી છે સુધી અને પછી કૃષ્ણે બતાવ્યું સૌથી ભયંકર સત્ય — "હું કાળ છું!"

### જ્યારે કૃષ્ણના વિશ્વરૂપે અર્જુનનો અહંકાર તોડી નાખ્યો.

જ્યારે કૃષ્ણ માત્ર સારથી ન રહ્યા, પણ આખું બ્રહ્માંડ બનીને ઊભા રહ્યા. અહંકારના વિસર્જનથી દિવ્ય સમર્પણ સુધીની યાત્રા.



જેને આપણે જીવનનો અંત કે સૌથી મોટી મુશ્કેલી માનીએ છીએ, તે ઘણીવાર ઈશ્વરની વિરાટ વ્યવસ્થામાં માત્ર એક નાનકડું પરિવર્તન હોય છે.

અધ્યાય ૧૦ (વિભૂતિ યોગ) માં આપણે સમજ્યું કે આ સૃષ્ટિમાં જે કંઈ શ્રેષ્ઠ, શક્તિશાળી, સુંદર અને અદ્ભુત છે પછી તે વિજ્ઞાન હોય, કળા હોય કે પ્રકૃતિની અગાધ તાકાત તેમાં પરમાત્માની જ એક વિભૂતિ રહેલી છે.

અર્જુન આ બધું સાંભળે છે, બુદ્ધિથી સમજે છે... પણ હવે તેના અંતરમાંથી એક એવી જિજ્ઞાસા જન્મે છે જે સમગ્ર ગીતાનો સૌથી મોટો નિર્ણાયક વળાંક બની જાય છે. અર્જુન કહે છે...

'હે કૃષ્ણ! તું જે વિરાટ સત્યની વાત કરે છે, તેને હું માત્ર શબ્દોથી સાંભળવા નથી માંગતો... મારે તેનો પ્રત્યક્ષ અનુભવ કરવો છે. જો તું મને યોગ્ય માનતો હો, તો મને તારું એ ઈશ્વરીય બ્રહ્માંડીય રૂપ બતાવ!

અહીંથી શરૂ થાય છે ગીતાનો સૌથી રોમાંચક, ગહન અને કંપાવી નાખે તેવો અધ્યાય "વિશ્વરૂપ દર્શન યોગ".

સામાન્ય આંખોથી વિશ્વરૂપ કેમ ન દેખાય?

જ્યારે કૃષ્ણ પોતાનું વિરાટ રૂપ પ્રગટ કરવા તૈયાર થાય છે, ત્યારે તેઓ અર્જુનને એક ઊંડી વાસ્તવિકતા સમજાવે છે.

'અર્જુન! તારી આ બે ભૌતિક આંખોની એક નિશ્ચિત મર્યાદા છે. તેનાથી તું મને જોઈ શકીશ નહીં. તેથી હું તને 'દિવ્ય ચક્ષુ' આપું છું.

જેમ કોઈ વૈજ્ઞાનિકને અતિસૂક્ષ્મ રચના જોવા ખાસ માઈક્રોસ્કોપ કે દૂરની ગેલેક્સીઓ જોવા 'જેમ્સ વેબ ટેલિસ્કોપ'ની જરૂર પડે છે જે સામાન્ય નરી આંખે નથી દેખાતું તેમ પરમ સત્યને પામવા માટે પણ ભૌતિક દ્રષ્ટિ નહીં, પણ આંતરિક દ્રષ્ટિકોણ બદલવો પડે છે.

સામાન્ય આંખ કહે 'આ માણસ સફળ છે.' દિવ્ય દ્રષ્ટિ જુએ 'તેની પાછળ કેટલા વર્ષોની અથાક સાધના અને ત્યાગ છે?'

સામાન્ય આંખ કહે: 'આ વ્યક્તિ હારી ગઈ.' દિવ્ય દ્રષ્ટિ સમજે 'આ હાર તેને કઈ નવી ક્ષમતા અને ઊંચાઈ શીખવશે?'

સામાન્ય આંખ પૂછે 'મારી સાથે જ આવું કેમ થયું?' દિવ્ય દ્રષ્ટિ શોધે 'આ ઘટનામાંથી મારે કયો બોધપાઠ લેવાનો છે?'

સંજય ધૃતરાષ્ટ્રને આ અદ્ભુત દ્રશ્ય વર્ણવતાં કહે છે કે (જો આકાશમાં એકસાથે હજારો સૂર્ય પ્રગટે, તો પણ તે તેજ ઈશ્વરના વિરાટ રૂપની બરાબરી ન કરી શકે!)

અર્જુન જુએ છે કે એક જ દિવ્ય શરીરમાં આખું મલ્ટીવર્સ સમાયેલું છે. અનંત આકાશગંગાઓ, અસંખ્ય સૂર્ય, કાળના વમળો, જન્મ અને મૃત્યુની અવિરત સાયકલ બધું જ એકસાથે ધબકી રહ્યું છે.

જે કૃષ્ણને તે અત્યાર સુધી માત્ર એક સારથિ, મિત્ર કે માર્ગદર્શક માનતો હતો, તેને સમજાયું કે જેની સાથે તે હસતો-રમતો હતો, તે તો આખા બ્રહ્માંડનો



સર્વોચ્ચ આધાર અને સંચાલક છે!

મહાકાળનું સત્ય: "હું કાળ છું, તું માત્ર નિમિત્ત બન!"

વિરાટ દર્શનમાં સર્જનની સાથે કાળનું સંહારક રૂપ પણ પ્રગટ થાય છે. અર્જુન જુએ છે કે સમયના પ્રવાહમાં મોટા-મોટા મહારથીઓ, સામ્રાજ્યો અને યોદ્ધાઓ કાળના મુખમાં સમાઈ રહ્યા છે.

અર્જુન ભયભીત થઈ પૂછે છે 'હે પ્રભુ! આ ઉગ્ર રૂપ ધારણ કરનાર આપ કોણ છો?'

ત્યારે કૃષ્ણ ગીતાનો સૌથી શક્તિશાળી સંદેશ આપે છે. (હું સમગ્ર સૃષ્ટિનો કાળ (સમય) છું. સમય કોઈની રાહ જોતો નથી. આ નીતિવિરોધીઓ સમયના ચક્રમાં ક્યારનાય પરાસ્ત થઈ ચૂક્યા છે, તું માત્ર નિમિત્ત (માધ્યમ) બન!)

આપણે ઘણીવાર કહીએ છીએ: 'કાલે કરીશ, પછી માફી માંગીશ, પછી પરિવારને સમય આપીશ, પછી મહેનત કરીશ...' પણ સમય ક્યારેય 'પછી' માટે રોકાતો નથી.

જે માણસ સમયને સામાન્ય માને છે, સમય એક દિવસ તેને સામાન્ય બનાવી દે છે; સમયને હરાવવાની કોઈ રીત નથી, તેનો સદુપયોગ કરવો એ જ એકમાત્ર માર્ગ છે.

કોર્પોરેટ અને સંચાલનમાં કોઈ કંપનીનો લીડર જ્યારે માને કે 'આખી કંપની માત્ર મારા દમ પર ચાલે છે,' ત્યારે પતનની શરૂઆત થાય છે. શ્રેષ્ઠ લીડર એ છે જે પોતાને માત્ર એક 'સંચાલક માધ્યમ' સમજીને અહંકારમુક્ત કામ કરે છે.

જ્યારે કોઈ લેખક કે ચિત્રકાર વિચારે કે 'આ મેં બનાવ્યું,' તો કળા સીમિત બને છે; પણ જ્યારે તે માને કે 'હું માત્ર વાંસળી છું અને સૂર ઈશ્વર વગાડે છે,' ત્યારે સર્જન અમર બની જાય છે.

પરિણામની ચિંતા કર્યા વગર ૧00% મહેનત આપવી. જો સફળતા મળે તો અહંકાર નહીં પણ કૃતજ્ઞતા, અને નિષ્ફળતા મળે તો હતાશા નહીં પણ ફરી શીખવાનો સંકલ્પ.વિજય તમને મંચ પર લઈ જઈ શકે છે, પરંતુ વિનમ્રતા જ તમને લોકોના હૃદયમાં સ્થાન અપાવે છે.

આપણે એક પાનું જોઈને આખી જિંદગીનો નિર્ણય કરી લઈએ છીએ!

અર્જુન મહાન યોદ્ધા હોવા છતાં વિરાટ રૂપ જોઈને કંપી ઊઠ્યો, કારણ કે પહેલીવાર તેને પોતાની લઘુતા (નાનપ) સમજાઈ.

જીવનમાં જ્યારે કોઈ મોટી મુશ્કેલી આવે, પરીક્ષામાં ધાર્યું પરિણામ ન મળે કે કોઈ યોજના નિષ્ફળ જાય, ત્યારે આપણે વિચારીએ છીએ 'મારું જીવન પૂરું થઈ ગયું.'

વિશ્વરૂપ દર્શન કહે છે તમે માત્ર એક પાનું જોઈ રહ્યા છો, જ્યારે ઈશ્વર આખું પુસ્તક જોઈ રહ્યા છે. એક ઘટના આખી જિંદગી નથી હોતી.

વિરાટ દર્શન પછી અર્જુન બે હાથ જોડી સાષ્ટાંગ નમન કરી ક્ષમા માંગે છે.

'હે કૃષ્ણ! મેં આપને સાધારણ મિત્ર માનીને મજાકમાં કે પ્રેમમાં જે કંઈ કહ્યું હોય તે બદલ ક્ષમા કરો. આપ જ પરમ પિતા અને ગુરુ છો.'

અધ્યાયના અંતમાં કૃષ્ણ સ્પષ્ટ કરે છે કે આ વિરાટ સત્ય મોટા-મોટા બૌદ્ધિક વાદવિવાદ કે માત્ર બાહ્ય વિધિઓથી નથી પમાતું.

(હે અર્જુન! માત્ર અહંકારરહિત, નિર્દોષ અને અનન્ય પ્રેમ દ્વારા જ આ પરમ સત્યને જાણી શકાય છે અને પામી શકાય છે.)

તમે ગમે તેટલા સમર્થ હો, પણ યાદ રાખો કે અનંત બ્રહ્માંડ સામે આપણું અસ્તિત્વ એક નાનકડા રજકણ જેટલું છે.

નિમિત્ત બનીને કર્મ કરો પરિણામનો બોજ ઈશ્વર પર છોડી દો અને તમારી જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવો. દ્રષ્ટિકોણ વિશાળ રાખો નાની નિષ્ફળતાઓથી હિંમત હાર્યા વગર જીવનના મોટા ચિત્ર પર ભરોસો રાખો.

જ્યારે માણસ પોતાની સંકુચિત દ્રષ્ટિમાંથી બહાર આવી જીવનના વિરાટ સ્વરૂપને જુએ છે, ત્યારે ફરિયાદો ઓગળી જાય છે અને કૃતજ્ઞતા પ્રગટે છે.

ક્રમશઃ...

આગામી અધ્યાય ૧૨ – ભક્તિ યોગ માં આપણે જાણીશું–

"ઈશ્વર સુધી પહોંચવાનો સૌથી સરળ, સહજ અને મધુર રસ્તો કયો? સાકાર રૂપની ભક્તિ શ્રેષ્ઠ કે નિરાકારની સાધના? અને કૃષ્ણને કેવો ભક્ત સૌથી વધુ પ્રિય છે?"

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# ક્ષણિક જીદનો ખૌફનાક અંજામ: જ્યારે એક ગેજેટ આખા પરિવારને ગળી ગયું!

આજની આધુનિક સભ્યતામાં ભૌતિક સુખ-સુવિધાઓ અને દેખાડાની આંધળી દોટે આપણને કયા વળાંક પર લાવીને ઊભા રાખી દીધા છે, તેનો એક



હૃદયદ્રાવક અને કંપાવી મૂકે તેવો કિસ્સો તાજેતરમાં સામે આવ્યો છે. 'એક ક્ષણની જીદ... અને આખો પરિવાર ખતમ!' આ માત્ર કોઈ સનસનાટીપૂર્ણ હેડલાઈન નથી, પરંતુ વર્તમાન પેઢીની માનસિકતા અને કડવી વાસ્તવિકતાનો દર્પણ છે.

આભાસી દુનિયાનો જીવલેણ મોહ

મુરલીધર ચાંદગુડે, સંગીતા ચાંદગુડે અને તેમનો ૧૯ વર્ષનો દીકરો કૃણાલ ચાંદગુડે–એક હસતો-રમતો સુખી પરિવાર કાળના ગાલમાં સમાઈ ગયો. નિમિત્ત બન્યું માત્ર એક ગેજેટ: 'આઈફોન'. મોંઘોદાટ ફોન ખરીદવાની જીદ અને ત્યારબાદ તેના EMI (હપ્તા) ભરવાની બાબતે ઘરમાં શરૂ થયેલો નાનો એવો ઝઘડો ક્યારેક આટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેશે, તેવી કલ્પના પણ કોણે કરી હોય?

૧૯ વર્ષના જુવાનજોધ દીકરાએ આઈફોનના હપ્તાના વિવાદમાં આવીને આવેશમાં આવી પહાડ પરથી મોતની છલાંગ લગાવી દીધી. હજુ તો જીવનની શરૂઆત થઈ હતી, ત્યાં જ એક ફોનના મોહમાં તેણે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી.

પિતૃત્વ અને માતૃત્વનો આક્રંદ

વાર્તા અહીં પૂરી નથી થતી, પણ અહીંથી વધુ કારુણ્ય સભર બને છે. પહાડની ઊંડી ખાઈમાં કૂદતા પોતાના કાળજાના ટુકડાને બચાવવા માટે, તેનો હાથ પકડવા જતાં પિતા પણ તેની સાથે જ નીચે પટકાયા. એક પિતા પોતાની નજર સામે સંતાનને મરતું જોઈ કેમ રહી શકે? આ એ જ પિતા હતા જેમણે લોહીનું પાણી કરીને દીકરાને મોટો કર્યો હતો.

બીજી તરફ, પોતાની નજર સામે જ પતિ અને દીકરાને કાળના મુખમાં હોમાતા જોઈને માતા સંગીતાબેન પર અસહ્ય આઘાત લાગ્યો. આ હૃદયભેદક દ્રશ્ય સહન ન થતાં, તેમણે પણ એ જ પહાડ પરથી કૂદીને પોતાનો જીવ આપી દીધો. એક ક્ષણના આવેશે આખા હસતા-રમતા પરિવારનો માળો વિખેરી નાખ્યો.

એક ગંભીર સામાજિક ચિંતન

જે માતા-બાપે નાનપણમાં આંગળી પકડીને ચાલતા શીખવ્યું, જે પિતાએ પોતાની તમામ ખુશીઓ કુરબાન કરીને સંતાનના સપના પૂરા કર્યા, શું એક ફોનની કિંમત એમના પવિત્ર લોહી અને વર્ષોના ઉછેર કરતાં પણ વધુ થઈ ગઈ? આ પ્રશ્ન આજે દરેક યુવાન અને સામાજિક ચિંતકે પોતાને પૂછવાની જરૂર છે.

આજની સોશિયલ મીડિયાની આભાસી દુનિયા અને બ્રાન્ડ્સના મોહમાં યુવા પેઢી એટલી અંધી થઈ ગઈ છે કે તેઓ સંબંધોની સાચી કિંમત ભૂલી રહ્યા છે. વસ્તુઓ માણસોના વપરાશ માટે હોય છે અને માણસો પ્રેમ કરવા માટે હોય છે, પરંતુ આજે વસ્તુઓને પ્રેમ કરવામાં આવે છે અને માણસોનો વપરાશ થાય છે.

છેલ્લો વિચાર: જીદ કરતાં પહેલાં વિચારજો

કોઈપણ મોંઘી વસ્તુ કે ગેજેટ તમારા પરિવારની ખુશીઓ અને તેમના જીવનથી મોટું ક્યારેય હોઈ શકે નહીં. માતા-પિતાથી મોટું આ દુનિયામાં કોઈ ગેજેટ નથી અને તેમના પ્રેમથી મૂલ્યવાન કોઈ બ્રાન્ડ નથી.

- રૂપેશ સોલંકી

# ગાંધીનગરની હલચલ: તો અનેક મંત્રી-નેતાઓએ વિધાનસભાની ટિકિટ ભૂલી જવી પડશે?

## ચૈતર વસાવા મુદ્દે ભાજપનો માસ્ટરસ્ટ્રોક!

ગુજરાતના રાજકારણમાં પડદા પાછળ શું રંધાઈ રહ્યું છે? કયા નેતા કોની રાજકીય જમીન ખસકાવી રહ્યા છે અને ગાંધીનગરના વાતાનુકૂલિત કમરાઓમાં કઈ નવી આક્રમક વ્યૂહરચનાઓ ઘડાઈ રહી છે? આવી જ અંદરની ચટપટી, તીખી અને ચર્ચાસ્પદ રાજકીય ખબરઅંતર 'પાક્કો ગુજરાત' ની ખાસ કોલમ 'ગાંધીનગરના હલચલ' માં આપનું સ્વાગત છે.

ગાંધીનગરના સચિવાલય, સ્વર્ણિમ સંકુલ અને પક્ષના કાર્યાલયોની ગલીઓમાં હાલમાં એક જ ચર્ચાએ ભારે જોર પકડ્યું છે–'ચૈતર વસાવા ફેક્ટર' અને ભાજપનો કથિત રાજકીય માસ્ટરસ્ટ્રોક. દક્ષિણ અને મધ્ય ગુજરાતના આદિવાસી બેલ્ટમાં યુવા આક્રોશ અને ચૈતર વસાવાની વધતી પકડ સામે ભાજપ હાઈકમાન્ડ અત્યંત ગંભીર બન્યું છે. ચૈતર વસાવાને ઘેરવા અને આદિવાસી વોટબેંકમાં સેંધમારી અટકાવવા માટે ભાજપ જે નવી રણનીતિ અપનાવી રહ્યું છે, તેના પડઘા માત્ર નર્મદા, ભરૂચ કે છોટાઉદેપુર પૂરતા સીમિત નથી રહ્યા, પરંતુ ગાંધીનગરના મંત્રીમંડળની ખુરશીઓ સુધી સંભળાઈ રહ્યા છે.

શું વર્તમાન મંત્રીઓ અને નેતાઓના પત્તા કપાશે?

સચિવાલયના ગલિયારામાં કાન લગાવીને સાંભળીએ તો ચર્ચા એવી છે કે, ભાજપ આદિવાસી વિસ્તારો સહિત સમગ્ર રાજ્યમાં પોતાના પરંપરાગત વોટબેંકને સાચવવા માટે એક મોટો રાજકીય ઉલટફેર કરવાની તૈયારીમાં છે.

પરફોર્મન્સ મેટ્રિક્સ અને ગ્રાઉન્ડ રિપોર્ટ: હાઈકમાન્ડ દ્વારા કરાવવામાં આવેલા આંતરિક સર્વેમાં જે નેતાઓ કે મંત્રીઓ પોતાના વિસ્તારમાં પ્રભાવ ગુમાવી રહ્યા છે, જેમની છબી નકારાત્મક બની છે અથવા તો વિપક્ષના આક્રમક નેતાઓ સામે જેઓ ફ્લોપ સાબિત થયા છે, તે તમામનું 'રિપોર્ટ કાર્ડ' તૈયાર કરી લેવાયું છે.

નો-રિપીટ થિયરીનો નવો અવતાર: ચર્ચા તો ત્યાં સુધી છે કે આગામી વિધાનસભા ચૂંટણીમાં કેટલાય પ્રભાવશાળી મંત્રીઓ અને સિનિયર ધારાસભ્યોએ પોતાની ટિકિટ ભૂલી જવી પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ રહી છે. પક્ષ હાઈકમાન્ડ જૂના જોગીઓની જગ્યાએ નવા, યુવા અને લોકપ્રિય ચહેરાઓને લાવવાની ગંભીર વિચારણા કરી રહ્યું છે. 'જીતી શકે તે જ ઉમેદવાર' (Winability) ના એકમાત્ર ક્રાઈટેરિયા પર ટિકિટો નક્કી થશે.

'ગાંધીનગરના હલચલ' નો સણસણતા રાઝ:

રાજકીય ચર્ચાઓ તો ત્યાં સુધી છે કે ચૈતર વસાવાના રાજકીય કદને સીમિત કરવા માટે ભાજપે પોતાના જ સ્થાનિક જૂના નેતાઓને બાજુ પર હડસેલવાની યોજના બનાવી લીધી છે. વિપક્ષી નેતાઓની ઘેરાબંધી કરવાના ચક્કરમાં શાસક પક્ષના પોતાના જ કેટલાક મંત્રીઓ અને પૂર્વ ધારાસભ્યો માટે અસ્તિત્વનું સંકટ ઊભું થઈ ગયું છે. એક કાનથી બીજા કાન સુધી ચાલતી આ વાત હવે ખુલ્લેઆમ સચિવાલયની ચાની કિટલીઓથી લઈને પ્રદેશ કાર્યાલયના હોલમાં ચર્ચાવા લાગી છે. મંત્રીઓમાં ફફડાટ છે કે જો આદિવાસી વિસ્તારના સમીકરણો સુધારવા માટે મોટો ફેરબદલ થશે, તો તેમના નામ પર પહેલી કાતર ફરશે.

હવે જોવાનું એ રહે છે કે ભાજપનો આ માસ્ટરસ્ટ્રોક વિપક્ષના આક્રમક આંદોલનને માત આપે છે કે પછી પોતાની જ પાર્ટીના સિનિયર નેતાઓમાં અસંતોષનો વિસ્ફોટ કરાવે છે! રાજકારણના આ કાવાદાવા અને પડદા પાછળના ખેલની દરેક પળપળની ખબર માટે વાંચતા રહો 'પાક્કો ગુજરાત '

# નવી દિલ્હીમાં ફરી યુવા આંદોલનની ચિનગારી! કોકરોચ જનતા પાર્ટી દ્વારા 5 સપ્ટેમ્બરે દેશવ્યાપી મહામોર્ચાની જાહેરાત, સરકાર સામે મોરચો મંડાયો

દેશની રાજધાની નવી દિલ્હીમાં એકવાર ફરીથી યુવા આંદોલનકારીઓ અને વિવિધ વિદ્યાર્થી સંગઠનો એકતાનો સુર આલાપીને મોટો ધડાકો કરવાની તૈયારી કરી રહ્યા છે. 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા આવનારી ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નવી દિલ્હી ખાતે દેશવ્યાપી શાંતિપૂર્ણ વિરોધ માર્ચ અને મહામોર્ચાનું આયોજન કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત બાદ કેન્દ્ર સરકાર અને શાસક પક્ષના પેટમાં તેલ રેડાયું છે અને રાજધાનીનું રાજકીય તાપમાન અચાનક વધી ગયું છે.

સંગઠનના અગ્રણી નેતાઓ અને યુવા આગેવાનોએ ભારત સરકાર સામે અત્યંત ગંભીર આક્ષેપો મૂક્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, ગત ૨૫ જુલાઈના રોજ સરકાર દ્વારા દેશના યુવાનો સાથે જે વચનો અને વાયદાઓ કરવામાં આવ્યા હતા, તેને પૂર્ણ કરવામાં સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે. યુવાનોની રોજગારી, શૈક્ષણિક મુદ્દાઓ અને ભવિષ્યને લગતી માંગણીઓ પર સરકારે આંખ આડા કાન કર્યા હોવાના સણસણતા આક્ષેપો સાથે હવે યુવા શક્તિ રસ્તા પર ઊતરવા મજબૂર બની છે.

૫ સપ્ટેમ્બરે યોજાનારા આ દેશવ્યાપી આંદોલનમાં દેશભરમાંથી લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુવાનો દિલ્હીના રસ્તાઓ પર ઉતરીને પોતાના હક માટે અવાજ બુલંદ કરશે. સંગઠને જાહેરાત કરી છે કે આ વિરોધ પ્રદર્શન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ રહેશે, પરંતુ જો સરકાર તેમની વાજબી માંગણીઓ સ્વીકારવામાં વિલંબ કરશે, તો આ આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' નો સણસણતો રિપોર્ટ:

સરકારની વચનભંગ નીતિ: ૨૫ જુલાઈના વાયદાઓનું શું થયું? યુવાનો સાથે કરાયેલા વચનો માત્ર કાગળ પર રહી જતાં હવે દેશનો યુવા વર્ગ આકરા પાણીએ છે.

આંદોલનનો વ્યાપ: ૫ સપ્ટેમ્બરે યોજાનાર આ આંદોલન માત્ર દિલ્હી પૂરતું સીમિત ન રહેતાં સમગ્ર દેશમાં યુવા આક્રોશની જ્વાળા પ્રગટાવશે. સરકાર પર દબાણ: શિક્ષકોના દિવસે જ વિદ્યાર્થીઓ અને યુવાનોનો આ મહામોરચો કેન્દ્ર સરકાર માટે મોટો રાજકીય અને વહીવટી પડકાર બની રહેશે. હવે જોવાનું એ રહેશે કે યુવા આંદોલનકારીઓની આ ચીમકી બાદ ભારત સરકાર તેમની માંગણીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવી કોઈ રસ્તો કાઢે છે, કે પછી ૫ સપ્ટેમ્બરે દિલ્હીની ધરતી પર યુવા શક્તિનો અભૂતપૂર્વ આક્રોશ જોવા મળશે!



# જેતપુરના જેતલસર-સાંકળીની સીમમાં ભૂંડ અને રોજડાંનો આતંક: 500 વીઘાનો ઉભો પાક જોખમમાં

જેતપુર

જેતપુર પંથકના ખેડૂતો હાલ બેવડી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક તરફ મેઘરાજાએ હાથ તાળી આપતા વરસાદ ખેંચાયો છે, તો બીજી તરફ મહામહેનતે ઉગાડેલા પાક પર જંગલી ભૂંડ અને રોજ (નીલગાય) નો આતંક શરૂ થતા ખેડૂતો પાયમાલ થવાના આરે પહોંચી ગયા છે. જેતપુર તાલુકાના જેતલસર અને સાંકળી ગામની સીમમાં, ખાસ કરીને 'ખારા પટ' વિસ્તારમાં અંદાજે ૫૦૦ વીઘાથી વધુ જમીનમાં વન્ય પ્રાણીઓએ ભારે તરખાટ મચાવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જેતલસર અને સાંકળી ગામના ખેડૂતોએ મોંઘાભાવના બિયારણ અને દવાઓનો જંગી ખર્ચ કરીને મગફળી, કપાસ અને સોયાબીનનું વાવેતર કર્યું છે. પરંતુ, આ વિસ્તારમાં છેલ્લા ૧૪-૧૫ વર્ષથી પડતર જમીનોમાં ઊગી નીકળેલા ગાંડા બાવળની ઝાડીઓમાં ભૂંડ અને રોજડાંએ કાયમી વસવાટ બનાવી લીધો છે. રાત પડતા જ આ જંગલી જાનવરોના ટોળાં ખેતરોમાં ત્રાટકે છે અને ઉભા પાકનો સોથ વાળી દે છે. ખેડૂતો પોતાના મહામૂલા પાકને બચાવવા માટે રાત-દિવસ ખેતરમાં ઉજાગરા કરવા મજબૂર બન્યા છે. સ્થાનિક ખેડૂતો દિલીપભાઈ ભુવા, મનસુખભાઈ અને આશિષભાઈ લાખાણીએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, તેઓએ પાકને બચાવવા ખેતરની ફરતે તારની ફેન્સિંગ પણ કરી છે, પરંતુ જંગલી ભૂંડ જમીન ખોદીને વાડ નીચેથી ગળકી જાય છે અને ખેતરમાં ઘૂસી જાય છે. માત્ર બે જ રાતમાં ૧૦ વીઘામાંથી ૭ વીઘા જેટલો સોયાબીનનો ઉભો પાક આ પ્રાણીઓએ સાફ કરી નાખ્યો છે.




■ કુદરત રૂઠી, હવે વન્ય પ્રાણીઓ તૂટી પડ્યા: વરસાદ ખેંચાતા ચિંતિત ખેડૂતો પર ભૂંડ અને નીલગાયનો બેવડો માર

એક તરફ કૂવામાં પાણીના તળ ઊંડા ગયા છે અને વરસાદ ખેંચાયો છે, ત્યારે આવા નુકસાનથી ખેતીનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બની ગયો છે. વર્ષોથી રજૂઆતો કરવા છતાં કોઈ સાંભળનાર ન હોવાથી ખેડૂતોમાં તંત્ર સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્રસ્ત ખેડૂતોએ સરકાર સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે, વહેલામાં વહેલી તકે આ વન્ય પ્રાણીઓના ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટે કોઈ કાયમી નિકાલ કરવામાં આવે. જો તંત્ર આ પ્રાણીઓને રોકવામાં નિષ્ફળ હોય, તો ખેડૂતોને સ્વબચાવ અને પાક રક્ષણ માટે ખેતરમાં 'શોર્ટગન' (બંદૂક) રાખવાની મંજૂરી આપવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો સત્વરે કોઈ નક્કર પગલાં નહીં લેવાય તો જગતના તાતને રાતા પાણીએ રોવાનો વારો આવશે.

માનવતાની મિસાલ

# પરિવારથી વિખૂટી પડી ગયેલી મહિલાનું પરિવાર સાથે પુન:મિલન કરાવતી બોટાદ 181 અભયમ ટીમ

બોટાદ, વિપુલ લુહાર

મુશ્કેલીની ઘડીએ સમયસર મળેલો સહારો કોઈના જીવનમાં આશાનું નવું કિરણ બની શકે છે. ગુજરાત સરકારની'181 અભયમ મહિલા હેલ્પલાઈન' આજે આવી જ અનેક મહિલાઓ માટે વિશ્વાસ,સુરક્ષા અને સંવેદનાનું જીવંત પ્રતીક બની રહી છે. તાજેતરમાં બોટાદ સીટી વિસ્તારમાં એક મહિલા લાંબા સમયથી રસ્તો ભૂલી જવાથી એકલા ભટકી રહ્યા હતા.આ અજાણી મહિલાની કફોડી સ્થિતિ જોઈને એક જાગૃત સ્થાનિક નાગરિકે તાત્કાલિક 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર કૉલ કરીને મદદ માંગી હતી. આ ઘટનાની જાણ થતાં જ બોટાદ 181 અભયમ ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ફરજ પરના કાઉન્સેલર ખુશ્બુબેન પટેલ,મહિલા પોલીસ કોન્સ્ટેબલ સોનલબેન ઓળકિયા અને પાયલોટ નરેન્દ્રભાઈ પરમાર સત્વરે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.ટીમે સૌપ્રથમ ગભરાયેલી મહિલાને



માનસિક હૂંફ અને વિશ્વાસ આપીને તેમની સાથે આત્મીય સંવાદ શરૂ કર્યો.કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ પોતાનું અને પરિવારના સભ્યોનું નામ જણાવ્યું હતું.તેમણે માહિતી આપી કે તેમનું મૂળ વતન છોટાઉદેપુર જિલ્લો છે અને છેલ્લા એક વર્ષથી તેઓ પોતાના પતિ સાથે મજૂરીકામ માટે બોટાદ આવ્યા છે. ગઈકાલે તેઓ બોટાદની બજારમાં વસ્તુ લેવા ગયા હતા,પરંતુ રસ્તો ભૂલી જવાથી ભટકી ગયા હતા. બોટાદ શહેર તેમના માટે સંપૂર્ણ અજાણ્યું હતું અને તેમની પાસે પરિવારનો કોઈ સંપર્ક નંબર પણ ન હતો. તેઓ બોટાદમાં ક્યાં રહે છે કે કોની વાડીમાં મજૂરીકામ કરે છે,તે પણ તેઓ ભૂલી ગયા હતા.181 ટીમ દ્વારા આ અધૂરી માહિતીના આધારે જ સંભવિત વિસ્તારોમાં સઘન તપાસ શરૂ કરવામાં આવી. વિવિધ સ્થળોએ શોધખોળ કરવા છતાં અને સ્થાનિક લોકોનો સંપર્ક કરવા છતાં શરૂઆતમાં મહિલાની ઓળખ અંગે કોઈ ચોક્કસ માહિતી મળી નહોતી.

જેતપુરના ખીરસરામાં ડિગ્રી વગર

# 8 વર્ષથી ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર તાલુકાના ખીરસરા ગામમાં કોઈ પણ પ્રકારની માન્ય ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે એલોપેથિક પ્રેક્ટિસ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા એક બોગસ ડોક્ટરને પોલીસે ઝડપી પાડ્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. શાખાના સ્ટાફે ખાનગી રાહે મળેલી ચોક્કસ બાતમીના આધારે આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસની ટીમે ખીરસરા ગામના પી.એચ.સી. સેન્ટરના મેડિકલ ઓફિસરને સાથે રાખીને



બાતમીવાળા સ્થળે ઓચિંતી રેડ કરી હતી, જ્યાં આ નકલી ડોક્ટર રંગેહાથ પકડાઈ ગયો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યું કે ખીરસરા ગામમાં જયંતીભાઈ દાનાભાઈના મકાનમાં છેલ્લા આઠેક વર્ષથી કોઈ પણ નામ વિનાનું ક્લિનિક ચલાવવામાં આવી રહ્યું હતું. પકડાયેલા આરોપીનું નામ નરેશભાઈ શાંતિલાલ રાણપરીયા (જાતે-પટેલ, રહે. ડોબરીયા વાડી, અમન નગર રોડ, ગૌશાલા વાળી શેરી, તા.જેતપુર) હોવાનું ખૂલ્યું છે. આ આરોપી તબીબ તરીકેની કોઈ પણ લાયકાત કે સરકારી લાયસન્સ વિના ગંભીર એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન, સ્ટીરોઈડ અને એન્ટીબાયોટીક દવાઓ રાખીને દર્દીઓની સારવાર કરતો હતો. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ બદલ પોલીસે મેડિકલ પ્રેક્ટિસ એક્ટની કલમ ૩૦ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રેડ દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી વિવિધ ફાર્મા કંપનીઓની એલોપેથિક દવાઓ, તબીબી સાધનો (જેની કિંમત ૧૪,૧૦૨/-) તેમજ રોકડા ૨,૨૫૦/- મળી કુલ ૧૬,૩૬૨/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કામગીરીમાં એસઓજી પીઆઈ એફ.એ.પારંગી, પીએસઆઈ જી.જે.ઝાલા, પી.બી.મિશ્રા, એ.એસ.આઇ. પરબતભાઈ શામળા, હે.કો. પિયુષભાઈ અઘેરા, નૈમિષભાઈ મહેતા તથા પો.કો.ચિરાગભાઈ કોઠીવાર, રઘુભાઈ ત્રટા જોડાયા હતા.

# શ્રાવણીયા જુગાર પર પોરબંદર લસીબીનો દરોડો: વનાણાની સીમમાં જાહેરમાં જુગાર રમતા 6 ઝડપાયા

## રૂ.41,200ના મુદ્દામાલ સાથે જુગારનો ગણનાપાત્ર કેસ ઝડપાયો, ઉધોગ નગર પોલીસ મથકે ગુનો નોંધાયો

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

શ્રાવણીય તહેવારો દરમિયાન જુગારની બદી ફૂલીફાલી ન શકે અને પોરબંદર જિલ્લામાં દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે શ્રાવણીયા જુગાર પર દરોડો પાડી કાર્યવાહી કરી છે. ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશન વિસ્તારના વનાણા ગામે બેટીયું સીમમાં જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ઝડપી પાડવામાં આવ્યા હતા. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા (IPS) તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા (IPS) દ્વારા જિલ્લામાં દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા તથા વધુમાં વધુ કેસો શોધી કાઢવા આપવામાં આવેલી સૂચનાના અનુસંધાને LCB ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ LCB સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એ. એસ.આઈ. ગોવિંદભાઈ મકવાણા તથા હેડ કોન્સ્ટેબલ સલીમ ભાઈ પઠાણ તથા વિરેન્દ્રસિંહ પરમાર ને મળેલી ચોક્કસ બાતમીના આધારે વનાણાં ગામ ગામે બેટીયું સીમ માં જાહેરમાં જુગાર છ ઈસમોને ગંજી પતાના પાના નંગ -૫૨ તથા રોકડા રૂ. ૪૧, ૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ગંજીપત્તાના પાના નંગ-૫૨, રોકડા રૂ. ૪૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં. જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ માં એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયા તથા એ.એસ. આઈ બટુકભાઇ વિંઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, ઉદયભાઈ વરૂ, રણજીતસિંહ દયાતર, ગોવિંદભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, કુલદીપસિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, હીમાંશુભાઈ મક્કા, લક્ષ્મણભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા. હેડ કોન્સ્ટેબલ જગમાલભાઈ ભારવાડીયા વિગેરે રોકાયેલ હતા.

શાનદાર જુલૂસમાં સેંકડો મુસ્લિમ બિરાદરો જોડાયા

# ઝગડિયાના રાજપારડીમાં ઈદે મિલાદ પર્વની ભવ્ય ઉજવણી




રાજપારડી, ઈરફાન ખત્રી

ઝગડિયા તાલુકાના મુખ્ય વેપારી મથક રાજપારડી ખાતે પયગંબર હઝરત મોહમ્મદ સાહેબના જન્મદિવસ એટલે કે 'ઈદે મિલાદુન્નબી' પર્વની ભારે હર્ષોલ્લાસ, શ્રદ્ધા અને અકીદત સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે નગરમાં એક વિશાળ અને શાનદાર જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું. બુધવારે સવારે ૮:૦૦ વાગ્યે ફૈઝનગર ખાતેથી સલાતો-સલામ અને દેશમાં અમન-શાંતિની દુઆ બાદ જુલૂસનો પ્રારંભ થયો હતો, જેમાં સેંકડોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉત્સાહભેર જોડાયા હતા.

આ ભવ્ય જુલૂસ ફૈઝનગરથી નીકળી રઝા નગર, પટેલ નગર, વાઝા કોમ્પ્લેક્ષ, બકાનગર, ગેબનશા દરગાહ અને ખાળી ફળિયું થઈને પરંપરાગત રૂટ પર પરિભ્રમણ કરી જુમ્મા મસ્જિદ ખાતે પહોંચી સંપન્ન થયું હતું. સમગ્ર માર્ગ પર હાથમાં ઈસ્લામી પરચમ, સુશોભિત વાહનો અને 'સરકાર કી આમદ મરહબા' ના નારાઓ તેમજ નાત-એ-પાકના સુમધુર પઠનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

સમગ્ર રૂટ દરમિયાન ઠેર-ઠેર જુલૂસનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને દરેક ઠેકાણે વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ, ફળફળાદિ, ઠંડા પીણાં, શરબત તેમજ નિયાઝનું મોટા પાયે વિતરણ કરવામાં આવ્યું હતું. જુલૂસના સમાપન બાદ જુમ્મા મસ્જિદ ખાતે નાત-બયાન તેમજ મુબારક બાલશરીફ (બાલમુબારક)ની ઝિયારત કરાવવામાં આવી હતી.

# સાધલીમાં દોઢ મહિનાથી પાણીની પાઇપલાઇન લીકેજ, પંચાયતની કામગીરી સામે સવાલ

સાધલી, હસમુખ પટેલ

સાધલી ગામમાં રહેવાસીઓના ઘરોમાં આ પાણી જવાથી, ભરાઈ રહેલ પાણી પાઈપલાઈનમાં જવાથી રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે. શિનોર તાલુકાના સાધલી મુકામે પરમાર ફળિયા પાસે આવેલ પાણીની ટાંકી પાસે ત્રણ રસ્તા ના ત્રિભેટે છેલ્લા દોઢ મહિનાથી પાઈપલાઈન તૂટી હોવાના કારણે પાણી ભરાઈ રહે છે, અને પાણી બંધ થયા પછી આ ભરાઈ રહેલા પાણીના ખાબોચિયામાંથી ભેંસો ,બળદો ,કુતરા અને ગાયો પસાર થાય છે ,જેઓના મળ મૂત્રથી પાણી દૂષિત થાય છે અને આ દૂષિત થયેલું પાણી શોષાઈને પીવાના પાણીની લાઈનમાં જાય છે. આ રસ્તે લીકેજ હોવા છતાં પણ આર સી સી નો રસ્તો બનાવવામાં આવેલ છે તથા બાજુમાં પેવર બ્લોક નાખવામાં



આવ્યા છે ,આ નવીન કામ કરતા પહેલાં જ આ લીકેજ પાઈપલાઈન રીપેર કરવાની જરૂરિયાત હતી. પરંતુ ગમે તે કારણોસર પંચાયત દ્વારા આ મહત્વનું કામ કરવામાં આવેલ નથી.

આ પીવાનું પાણી સાધલીના મોટાભાગના ઉજળીયાત વિસ્તારમાં જાય છે. જાણવા મળ્યા મુજબ આરોગ્ય વિભાગ દ્વારા પણ ગ્રામ પંચાયતનું આ બાબતે ધ્યાન દોરવામાં આવેલ હતું અને વહેલામાં વહેલી તકે પાણીનું લીકેજ બંધ કરવા જણાવવામાં આવ્યું હતું.

વેપારીઓ ઉઘરાણી કરી રહ્યા હોવાનો આક્ષેપ

# ફૂડ પેકેટના લાખો રૂપિયાના બિલ બાકી, સખી મંડળ સંચાલકો મુશ્કેલીમાં

ભરૂચ, રંગુની જાકીર

ચાર માસથી વધુ સમયથી ફૂડ પેકેટના લાખો રૂપિયાના બિલની ચુકવણી બાકી રહેતા સખી મંડળ સંચાલકો મુશ્કેલીમાં મુકાયા હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. સખી મંડળ સંચાલકો દ્વારા બાકી બિલની વહેલી તકે ચુકવણી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

કરજણ તાલુકા પંચાયતની હદમાં સખી મંડળ સંચાલિત મંગલમ નાસ્તા હાઉસ ચલાવતા જ્યોત્સના બહેન વસાવાના જણાવ્યા મુજબ, તા. 11-05-2026ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરા આવ્યા હતા. આ કાર્યક્રમ માટે તાલુકા પંચાયતની સૂચના મુજબ આશરે 40 જેટલી બસોમાં લઈ જવામાં આવેલા લોકો માટે સખી મંડળ દ્વારા અંદાજે 2,000 ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા હતા.

આ ફૂડ પેકેટનું કુલ બિલ આશરે 3.80 લાખ રૂપિયા જેટલું થયું હોવાનું સંચાલકનું કહેવું છે. જોકે, કાર્યક્રમને લાંબો સમય વીતી જવા છતાં હજુ સુધી બિલની ચુકવણી



કરવામાં આવી નથી. જેના કારણે સખી મંડળ ચલાવતી મહિલાઓ આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહી છે. સખી મંડળ દ્વારા ઉધાર માલસામાન લાવીને ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા હતા. હવે માલ આપનાર વેપારીઓ દ્વારા પણ બાકી રકમની ઉઘરાણી કરવામાં આવી રહી હોવાનું સંચાલકોએ જણાવ્યું છે. એક તરફ બિલની ચુકવણી અટવાઈ છે અને બીજી તરફ વેપારીઓને ચૂકવણી કરવાની જવાબદારી હોવાથી સખી મંડળ સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

મળતી માહિતી મુજબ વડોદરા જિલ્લામાં દશરથ, અનઘડ અને પાદરા સહિતના વિસ્તારોમાં કાર્યરત અન્ય સખી મંડળોના પણ લાખો રૂપિયાના બિલ બાકી હોવાની માહિતી સામે આવી રહી છે. જોકે, આ અંગે સત્તાવાર તંત્ર તરફથી સ્પષ્ટ વિગતો સામે આવવાની બાકી છે. સખી મંડળ સંચાલકો દ્વારા બાકી બિલની ચુકવણી માટે તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી રહી છે.

28 ગુનાના આરોપીની ધરપકડ

# જેતપુરમાં ઘરફોડ ચોરીનો વણશોધાયેલ ગુનો ઉકેલાયો : રાજકોટ ગ્રામ્ય LCBએ રીઢા ગુનેગારને મુદ્દામાલ સાથે દબોચ્યો

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારના ખોડપરા જીનપ્લોટ વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીના વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલવામાં રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ને મોટી સફળતા મળી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી અણઉકેલાયેલા ગુનાઓ શોધવા ખાસ સૂચના આપવામાં આવી હતી. જે અન્વયે રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવના માર્ગદર્શનમાં એલ.સી.બી. શાખાના




માણસો પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન ખાનગી રાહે મળેલી ચોક્કસ હકીકતને આધારે આ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. ઘટનાની વિગત મુજબ, ગત તારીખ ૧૩/૦૮/૨૦૨૬ ના રાત્રિ દરમિયાન ખોડપરા જીનપ્લોટ વિસ્તારમાં આવેલ ફરિયાદીના રહેણાંક મકાનના મેઈન દરવાજાનો નકુચો તોડી કોઈ અજ્ઞાત ઈસમ ગેરકાયદેસર રીતે પ્રવેશ્યો હતો. તસ્કરે રૂમમાં રાખેલ કબાટની તિજોરીમાંથી અંદાજે ૫૦,૦૦૦/- ની કિંમતના સોનાના દાગીના (કાનમાં પહેરવાની સોનાની બુટી જોડી-૦૧, વજન આશરે અડધો તોલો) અને આશરે ૬૦,૦૦૦/- ની રોકડ રકમ મળી કુલ ૧,૧૦,૦૦૦/- ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ભરૂચમાં ગુમ થયેલા 14 વર્ષીય કાનવનો મૃતદેહ નર્મદા નદીમાંથી મળ્યો: ઝાડેશ્વરથી ગુમ થયા બાદ જૂના સરદાર બ્રિજ પરથી મળી હતી સાયકલ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી નિજધામ સોસાયટીમાંથી ગત રોજ ગુમ થયેલા 14 વર્ષીય કાનવ ધીરેન શાહની શોધખોળનો કરુણ અંત આવ્યો છે. આજે ગોલ્ડન બ્રિજના સામે કાંઠા તરફ નગરપાલિકાની ટીમને કિશોરનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, કાનવ ગત રોજથી ગુમ હતો. પરિવારજનો દ્વારા તેની શોધખોળ કરવામાં આવી રહી હતી. દરમિયાન



ઝાડેશ્વર ચોકડી નજીક નેશનલ હાઈવે-48 પર આવેલા જૂના સરદાર બ્રિજ પરથી કાનવની સાયકલ મળી આવી હતી. જેના પગલે કિશોર નર્મદા નદીમાં પડ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે ફાયર વિભાગ અને પોલીસની ટીમોએ નર્મદા નદી તેમજ આસપાસના વિસ્તારોમાં શોધખોળ શરૂ કરી હતી. સાથે જ નર્મદા મૈયા બ્રિજ અને આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી હતી.

દરમિયાન આજે ગોલ્ડન બ્રિજના સામે કાંઠા તરફ નગરપાલિકાની ટીમને કાનવનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં તેના માતા-પિતા સહિત પરિવારજનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. પુત્રનો મૃતદેહ જોઈ પરિવારજનોના આક્રંદથી સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું. બનાવની જાણ થતાં અંકલેશ્વર પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.



### રશ્મિકા મંદાના તાજેતરમાં એક ફિલ્મના શૂટિંગ વખતે ઈજાગ્રસ્ત થઈ હતી

# સર્જરી પછી પહેલીવાર જાહેરમાં જોવા મળી અભિનેત્રી રશ્મિકા મંદાના

મુંબઈ

અભિનેત્રી રશ્મિકા મંદાના તાજેતરમાં પોતાની આગામી ફિલ્મ 'મૈસા'ના એક ડાન્સ સિક્વેન્સના શૂટિંગ દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. એક્ટ્રેસ રશ્મિકા મંદાના તાજેતરમાં એક ફિલ્મના શૂટિંગ વખતે ઈજાગ્રસ્ત થઈ ગઈ હતી, એક્ટ્રેસને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજા એટલી ગંભીર હતી કે તેને સ્પેશ્યલ એક હિપ સર્જરી કરાવવી પડી હતી. આ પછી તે પહેલીવાર પબ્લિક સામે આવી છે. રશ્મિકા તથા પતિ વિજય દેવરકોંડા ફિલ્મ પ્રોડ્યુસર સિરગાપુર નિરંજન રેડ્ડીના દીકરાની સગાઈમાં પહોંચ્યા હતા. વિજયએ વેન્યૂ તરફ આગળ વધતા રશ્મિકાનો હાથ પકડ્યો હતો.

કામમાંથી લીધો બ્રેકઃ રશ્મિકા ધીમે ધીમે રિકવર થતી હોવાનું જાણવા મળ્યું છે. ફિલ્મ 'મૈસા'ના શુટિંગ વખતે રશ્મિકાને આ ગંભીર ઈજા થઈ હતી. ફિલ્મમાં એક ડાન્સ પર્ફોમન્સ વખતે આ ઈજા થઈ હતી. ઈજા એટલી ગંભીર હતી કે તેને હિપ્સ સર્જરી કરાવી પડી હતી. રશ્મિકાએ આ અંગે પોતાની હેલ્થની અપડેટ શૅર કરીને પોતાના ફેન્સને એક નવી જાણકારી આપી છે. ઈજાગ્રસ્ત થયા બાદ તે પહેલીવાર પ્રોડ્યુસરના દીકરાની સગાઈમાં જોવા મળી છે. આ પ્રસંગે તે પોતાના પતિ સાથે જોવા મળી હતી. આ ઈજા થવાના કારણે તેણે પોતાના રેગ્યુલર કામમાંથી બ્રેક લીધો હતો. શૂટિંગ શેડ્યૂલ પણ થોડા સમય માટે અટકાવી દીધુ હતું. જુલાઈ મહિનાના અંતમાં આ ઘટના બની હતી. 3 ઓગસ્ટના રોજ તેણે આ અંગેની જાણકારી પોતાના ઈન્સ્ટાગ્રામ દ્વારા શૅર કરી હતી.હવે તે ધીમે ધીમે આ ઈજામાંથી રિકવર થઈ રહી છે. વ્યવસ્થિત રીતે સ્વસ્થ થયા બાદ તે ફરી ફિલ્મોના બાકીના પાર્ટનું શૂટિંગ ખતમ કરશે. હાલમાં તે સંપૂર્ણ રીતે પોતાની હેલ્થ પર ફોક્સ કરીને આરામ કરી રહી છે. ફેન્સને આ નોટ કર્યું તેના ફિલ્મી કરિયરની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે શાહિદ કપૂરની ફિલ્મ 'કોકટેલ' કરી હતી. સાઉથના ટ્રેડિશનલ ડ્રેસમાં જોવા મળતી રશ્મિકા પોતાના અંદાજથી અલગ વેસ્ટર્ન લૂક અને ગ્લેમરસ અંદાજમાં જોવા મળી હતી. કેટલાક સીનમાં તો તે ક્રિતી કરતા પણ હોટ લાગી રહી હતી. વિજય સાથે સગાઈના ફંક્શનમાં તેનો ફોટો સામે આવતા વિજય અને રશ્મિકાએ મેચિંગ આઉટફિટ પહેર્યા હતા. જેના પર ફેન્સનું ધ્યાન જતા તેઓ એકબીજાના બેસ્ટ ટ્યુનિગ હોવાનું જણાવી રહ્યા છે. 'કોકટેલ' બાદ હવે 'મૈસા' ફિલ્મ આવી રહી છે.

**હાલમાં તે સંપૂર્ણ રીતે પોતાની હેલ્થ પર ફોક્સ કરીને આરામ કરી રહી છે**

# અભિનેત્રી તાપસી પન્નુ પાપારાઝી પર ભડકી

## તાપસી પન્નુ આજકાલ કંગના સાથે ચાલી રહેલા વિવાદને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચામાં

નવી દિલ્હી

મુંબઈ: અભિનેત્રી તાપસી પન્નુ આજકાલ કંગના સાથે ચાલી રહેલા વિવાદને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. બીજી તરફ તાપસી પન્નુ પોતાની ફિલ્મ 'ગાંધારી'ને લઈને પણ લાઈમલાઈટમાં છે. હાલમાં જ ફિલ્મના ટ્રેલર પ્રીવ્યુમાં તાપસી પાપારાઝી પર ગુસ્સે થતી જોવા મળી હતી. કંગના રનૌત સાથેના વિવાદને લઈને તેણે પેપ્સને કહ્યું કે તમને મજા આવી રહી છે. 'ગાંધારી'ના ટ્રેલર પ્રીવ્યુમાં તાપસી પન્નુને એવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે ફિલ્મની કહાની કરતા વધારે ચર્ચા ફરી કંગના રનૌતની થવા લાગી. પ્રશ્ન સાંભળતા જ તેણે સ્પષ્ટતા કરી કહ્યું હતું કે 'તમને મજા આવી રહી છે? તમે આ સવાલ પૂછવાનું બંધ કરી દો, આ મુદ્દો આમ જ સમાપ્ત થઈ જશે.' આ વિવાદ વચ્ચે જ્યારે તાપસી 'ગાંધારી' ફિલ્મના ટ્રેલર પ્રિવ્યુમાં પહોંચી ત્યારે ફોટોગ્રાફરને ફિલ્મમાં બતાવવામાં આવેલી મહિલાશક્તિ અને અસલ જિંદગીમાં કંગના સાથે તેમના સંબંધને જોડીને પ્રશ્ન કરવામાં આવ્યો હતો. પ્રશ્ન સાંભળતા જ તાપસીએ કહ્યું હતું કે 'દરેક વખતે પુરુષ જ મહિલાઓને આવો પ્રશ્ન કેમ કરે છે? અને તમને આજે જ આવી વાત કરવાનો મોકો મળ્યો? તમે આ વાત અહીંયા જ પુરી કેમ નથી કરતા?' આગળ તાપસીએ કહ્યું 'અમને કોઈ આ સવાલ પૂછવાનું બંધ કરશે તો આ ઈશ્યુ જ પૂરો થઈ જશે.' તેણે કહ્યું કે લોકો જો હકીકતમાં આ મુદ્દો પૂર્ણ કરવા માંગે છે તો આ મુદ્દાને વારંવાર ઉપાડવાનું બંધ કરવું પડશે.' કઈ રીતે શરૂ થયો આ વિવાદ? તાપસી અને કંગના વચ્ચે સોશિયલ મીડિયાની પોસ્ટ અને ઈન્ટરવ્યૂ દ્વારા એકબીજા પર અનેકવાર આકરા પ્રહારો થયા છે. વિવાદને સૌથી વધારે ત્યારે વકર્યો જ્યારે કંગનાની બહેન રંગોલી ચંદેલે તાપસીને 'સસ્તી કોપી' કહ્યું હતું.



# સંગીત જગતમાં શોક: 11 ગ્રેમી એવૉર્ડ જીતનાર સિંગર ડોલી પાર્ટનનું નિધન

## કેન્સર અને વધતી ઉંમરની બીમારીઓ સામે ઝઝૂમ્યા બાદ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા

મુંબઈ

અમેરિકન મ્યુઝિક આઈકન અને 11 ગ્રેમી ઍવોર્ડ વિજેતા ડોલી પાર્ટનનું 80 વર્ષની વયે નેશવિલે ખાતે નિધન થયું છે. કેન્સર અને વધતી ઉંમરની બીમારીઓ સામે ઝઝૂમ્યા બાદ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના ભત્રીજાએ આ દુઃખદ સમાચાર આપ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ સહિત અનેક હોલિવૂડ હસ્તીઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી, જ્યારે અમેરિકામાં એક સપ્તાહ સુધી રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ ફરકાવાશે. અમેરિકન મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ આઈકોન અને 11 વખત ગ્રેમી ઍવોર્ડ જીતનારા જાણીતા ગાયિકા ડોલી પાર્ટનનું 80 વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનના સમાચારથી હોલિવૂડ સહિત સમગ્ર વિશ્વના સંગીત પ્રેમીઓમાં શોકની લહેર ફરી વળી છે. અહેવાલો મુજબ, ડોલી પાર્ટન છેલ્લા કેટલાક સમયથી કેન્સર જેવી ગંભીર બીમારી અને વધતી ઉંમરની સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે લડી રહ્યા હતા. નેશવિલે ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ડોલી પાર્ટનના ભત્રીજા બ્રાયન સીવરે એક વીડિયો શેર કરીને આ દુઃખદ સમાચાર ચાહકો સાથે શેર કર્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ અને હોલિવૂડ હસ્તીઓએ આપી શ્રદ્ધાંજલિ ડોલી પાર્ટનના નિધન પર દુઃખ વ્યક્ત કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર શોક સંદેશ પાઠવ્યો હતો. તેમણે લખ્યું કે, 'ડોલી પાર્ટન જેવી મહાન હસ્તીઓ સદીમાં એક જ વાર જન્મ લે છે અને અમેરિકન મ્યુઝિક ઈન્ડસ્ટ્રીને તેમની ખોટ હંમેશા સાલશે.' ડોલી પાર્ટનના સન્માનમાં અમેરિકન પ્રમુખે આગામી એક સપ્તાહ સુધી રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ ફરકાવવાની ખાસ જાહેરાત કરી છે. આ ઉપરાંત કેસી મુસગ્રેવ્સ, રીબા મેકએન્ટાયર અને મેરેન મોરિસ જેવા હોલિવૂડના અનેક દિગ્ગજ કલાકારોએ પણ તેમને ભાવાંજલિ અર્પણ કરી છે. ગાયિકા અને સંગીતકાર તરીકે ડોલી પાર્ટનની કારકિર્દી 6 દાયકા કરતાં પણ વધુ લાંબી રહી હતી. તેમણે તેમના સંગીત સફર દરમિયાન 'જોલેન', 'આઈ વિલ ઓલવેઝ લવ યુ', '9 ટુ 5', 'કોટ ઓફ મેની કલર્સ' અને 'હિયર કમ અગેન' જેવા 3,000થી વધુ સુપ્રસિદ્ધ ગીતોને પોતાનો મધુર અવાજ આપ્યો હતો.





# બ્રહ્માસ્ત્ર ટુમાં દીપિકા નહીં હોય, હવે અનિત પડ્ડા હોવાની ચર્ચા

## દિગ્દર્શક અયાન મુકર્જીને તેની હીટ ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'ની સિક્વલ 'બ્રહ્માસ્ત્ર ટુ' બનાવવા આડે અનેક અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે

મુંબઈ

અયાન મુકર્જીની 'બ્રહ્માસ્ત્ર 2' બનાવવા અવરોધો આવી રહ્યા છે. દીપિકા પાદુકોણની ટીમે અમૃતાના રોલ માટેની વાતચીત ફગાવી છે, હવે અનિતા પડ્ડાનું નામ ચર્ચાય છે. ધર્મા પ્રોડક્શન્સ અને યશરાજ ફિલ્મ્સ બાદ જિઓ સ્ટુડિયોઝે પણ આ બિગ બજેટ ફિલ્મ માટે ના પાડી છે. રણબીર-આલિયાની આ ફિલ્મ માટે નવા નિર્માતાની શોધ ચાલુ છે. દિગ્દર્શક અયાન મુકર્જીને તેની હીટ ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'ની સિક્વલ 'બ્રહ્માસ્ત્ર ટુ' બનાવવા આડે અનેક અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે.

અમૃતાની મહત્વની ભૂમિકા માટે દીપિકા પાદુકોણ સાથે વાતચીત ચાલી રહી હોવાના અહેવાલોને દીપિકાની ટીમે ફગાવી દીધા છે. તેમના જણાવ્યા અનુસાર દીપિકા આ પ્રોજેક્ટ સાથે કોઈ રીતે સંકળાયેલી નથી. હવે આ રોલ માટે અનીત પડ્ડાનું નામ ચર્ચાઈ રહ્યું હોવાનું કહેવાય છે.

રણબીર અને આલિયાની આ ફિલ્મના નિર્માણ માટે કોઈ પ્રોડક્શન હાઉસ શોધવાનું પણ મુશ્કેલ બની રહ્યું છે. 'બ્રહ્માસ્ત્ર' ફિલ્મનું નિર્માણ ધર્મા પ્રોડક્શન દ્વારા કરવામાં આવ્યું હતું. પણ હવે બીજો ભાગ પ્રોડ્યુસ કરવા ધર્મા તૈયાર ન હોવાથી અયાને યશરાજ ફિલ્મ્સ સાથે પણ વાત કરી જોઈ. પરંતુ અયાન અને યશરાજની 'વોર ટુ'ને દર્શકોને સારો પ્રતિભાવ મળ્યો ન હોઈ યશરાજ ફિલ્મ્સે આ પ્રોજેક્ટમાં આગળ વધવાનો ઈનકાર કરી દીધો હતો. તે પછી અયાને જિઓ સ્ટુડિયોઝનો સંપર્ક કર્યો હતો પરંતુ તેમણે પણ આ પ્રોજેક્ટ માટે અસંમતિ દાખવી હતી.


આથી, આ બીગ બજેટ ફિલ્મ ક્યારે શરૂ થશે તે અંગે અટકળો જામી છે. અયાન મુકર્જીની 'બ્રહ્માસ્ત્ર 2' બનાવવા અવરોધો આવી રહ્યા છે. દીપિકા પાદુકોણની ટીમે અમૃતાના રોલ માટેની વાતચીત ફગાવી છે, હવે અનિતા પડ્ડાનું નામ ચર્ચાય છે. ધર્મા પ્રોડક્શન્સ અને યશરાજ ફિલ્મ્સ બાદ જિઓ સ્ટુડિયોઝે પણ આ બિગ બજેટ ફિલ્મ માટે ના પાડી છે. રણબીર-આલિયાની આ ફિલ્મ માટે નવા નિર્માતાની શોધ ચાલુ છે.

# સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની 'દ વન'નું ટીઝર રિલીઝ

મુંબઈ

મોટા પડદા પર એક અનદેખી દુનિયાની ઝલક લઈને આવ્યું છે 'દ વન'નું ટીઝર. સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની ફ્રેશ જોડી પહેલીવાર એકસાથે જોવા મળી રહી છે અને બંને એક એવી રહસ્યમય દુનિયામાં પ્રવેશ કરતા દેખાય છે, જ્યાં દરેક પગલે એક નવું રહસ્ય સામે આવે છે. બાલાજી મોશન પિક્ચર્સ દ્વારા પ્રસ્તુત 'દ વન'નું ટીઝર હિન્દી સિનેમામાં ઓછી જોવા મળેલી લોકકથાની એક અનોખી દુનિયાનો પરિચય કરાવે છે. પ્રાચીન માન્યતાઓ, રહસ્યો અને અલૌકિક શક્તિઓ સાથે જોડાયેલી આ દુનિયાની પહેલી ઝલક જ દર્શકોની ઉત્સુકતા વધારી દે છે. વાર્તાનું સૌથી મોટું રહસ્ય એ જંગલ સાથે જોડાયેલું છે, જ્યાં સૂર્યાસ્ત પછી જવું સખત મનાઈ છે–"સૂર્યાસ્ત પછી, વનમાં પ્રવેશ કરવો વર્જિત છે." ટીઝરમાં ફિલ્મનું ભવ્ય વિઝ્યુઅલ ટ્રીટમેન્ટ પણ ખાસ ધ્યાન ખેંચે છે.

'દ વન' લોકકથા અને ફેન્ટસીને મોટા પાયે પડદા પર રજૂ કરતી નજરે પડે છે. શાનદાર વિઝ્યુઅલ્સ, રહસ્યમય વાતાવરણ અને દમદાર સાઉન્ડસ્કેપ મળીને દર્શકોને એવી દુનિયામાં લઈ જાય છે, જે તેમના રોજિંદા જીવનથી સંપૂર્ણપણે અલગ છે. ફિલ્મનું સંગીત પણ આ અનુભવને ખાસ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમાં રહસ્ય અને રોમાંચની સાથે ભારતીય માટી અને ભક્તિની ઝલક પણ અનુભવાય છે, જે ફિલ્મની દુનિયાને એક આગવી ઓળખ આપે છે. સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની ફ્રેશ જોડી ટીઝરનું વધુ એક મોટું આકર્ષણ છે. બંનેની સ્ક્રીન કેમેસ્ટ્રી ફિલ્મની રહસ્યમય દુનિયાની વચ્ચે એક ભાવનાત્મક જોડાણ લઈને આવે છે. ટીઝર તેમની વાર્તાને લઈને અનેક સવાલો છોડી જાય છે–આખરે તેમના પાત્રો વચ્ચે શું સંબંધ છે અને આ રહસ્યમય વનમાં તેમનો સામનો કોની સાથે થવાનો છે? 'દ વન' સાથે ટીવીએફના અરુણાભ કુમાર, દિગ્દર્શક દીપક મિશ્રા અને એકતા કપૂર એવી વાર્તા લઈને આવ્યા છે, જે ભારતીય લોકકથાને એક નવા અને મોટા સિનેમેટિક અંદાજમાં રજૂ કરવાનો પ્રયાસ કરે છે. લોકકથા અને ફેન્ટસીના મૂળ સાથે જોડાયેલી આ ફિલ્મ રોમાંચ, રહસ્ય અને હાસ્યને સાથે લઈને આગળ વધે છે અને એક સંપૂર્ણ પારિવારિક મનોરંજન બનવાનું વચન આપે છે. ફિલ્મની દુનિયાને વધુ વિસ્તૃત કરવા માટે 'ધ લિજેન્ડ ઑફ વન' નામની કોમિક બુક પણ અગાઉથી જ દર્શકો સમક્ષ રજૂ કરવામાં આવી છે.



## ભારત સામે શ્રીલંકાની હાલત કફોડી, ફોલોઓન પછી પણ ધડાધડ વિકેટો ગુમાવી, SL પાસે 16 રનની લીડ; સ્કોર 229/6

# સતત બીજા દિવસે વરસાદના કારણે મેચ વહેલી પૂરી કરવી પડી

કોલંબો

ભારત સામેની કોલંબો ટેસ્ટમાં ફોલોઓન રમી રહેલી શ્રીલંકાએ બીજી ઈનિંગ્સમાં 229/6 રન બનાવ્યા છે. ટીમે ભારતની પહેલી ઈનિંગ્સના સ્કોર સામે 16 રનની લીડ મેળવી લીધી છે. સોનલ દિનુષા 7 અને કેશરા નુવાંથા 3 રન પર ક્રિઝ પર છે. બુધવારે વરસાદના કારણે ચોથા દિવસની રમત વહેલી પૂરી જાહેર કરવી પડી છે. પસિન્દુ સૂરિયાબંડારા 92 રન બનાવીને આઉટ થયો. તેને માનવ સુથારે પેવેલિયન ભેગો કર્યો. માનવે કેપ્ટન ધનંજય ડી સિલ્વાને પણ 23 રન પર આઉટ કર્યો. આ પહેલા નિરોશન ડિકવેલા 6 રન પર સારાંશ જૈન, કામિન્દુ મેન્ડિસ 55 રન પર પ્રસિદ્ધ ક્રિષ્ના, કામિલ મિશારા 32 રન પર રવીન્દ્ર જાડેજા અને લાહિરુ ઉદારા 3 રન પર મોહમ્મદ સિરાજનો શિકાર બન્યા હતા. ભારતે પહેલી ઈનિંગ્સ 503/9 પર ડિકલેર કરી હતી. જવાબમાં શ્રીલંકા 290 રનમાં ઓલઆઉટ થયું હતું. તે હિસાબે ભારતને 213 રનની લીડ મળી હતી, જેના પછી ફોલોઓન આપ્યું હતું. કોલંબો ટેસ્ટના ચોથા દિવસે વરસાદ તીવ્ર થવાના કારણે રમત સમય પહેલા જ પૂરી કરી દેવામાં આવી. ગ્રાઉન્ડ સ્ટાફ માટે મેદાનને ફરીથી રમવા યોગ્ય બનાવવું શક્ય ન હોવાથી અમ્પાયરોએ દિવસની રમત સમાપ્ત કરવાનો નિર્ણય લીધો. કોલંબો ટેસ્ટના ચોથા દિવસે એકવાર ફરી વરસાદે રમત અટકાવી દીધી છે. છેલ્લા અડધા કલાકથી આકાશમાં વાદળો છવાયેલા હતા અને હવે વરસાદ શરૂ થઈ ગયો છે, જેના પછી ગ્રાઉન્ડ સ્ટાફે મેદાન પર કવર્સ ઢાંકી દીધા છે અને ખેલાડીઓ ડ્રેસિંગ રૂમ તરફ પાછા ફર્યા છે. નિરોશન ડિકવેલાના આઉટ થયા પછી સોનલ દિનૂષા અને કેશરા નુવાન્થાએ 8.2 ઓવરમાં 11 રન જોડ્યા છે. શ્રીલંકાનો સ્કોર 6 વિકેટ પર 229 રન છે. ભારતે દિવસભર કડક મહેનત કર્યા બાદ માનવ સુથારની બે મહત્વપૂર્ણ વિકેટોની મદદથી મેચ પર ફરી પકડ મજબૂત કરી છે. શ્રીલંકા પ્રથમ ઈનિંગ્સના આધાર પર હજુ પણ માત્ર 16 રન જ આગળ છે. શ્રીલંકાની ઈનિંગ્સ દરમિયાન હવામાન એકવાર ફરી ખરાબ થતું દેખાઈ રહ્યું છે. મેદાન પર વાદળો છવાયેલા છે અને ગ્રાઉન્ડ સ્ટાફ પણ બાઉન્ડ્રી પાસે તૈયાર ઊભો છે.




## માંજરેકરે કહ્યું- સૂર્યવંશી-જયસ્વાલ પર કાર્યવાહી કરો

ભારતીય ક્રિકેટર યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીના તાજેતરના મેદાન પરના વિવાદો વચ્ચે, પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે BCCI અને ICCને ટેગ કરીને ખેલાડીઓના વર્તન પર સવાલ ઉઠાવ્યા છે. માંજરેકરે X પર લખ્યું, 'પ્રિય ICC અને BCCI, પહેલા વૈભવ અને હવે જયસ્વાલ. જો તમે તેમને આવા વર્તન માટે વારંવાર છોડતા રહેશો, તો તમે તેમને ફરીથી આવું વર્તન કરવા માટે જ તૈયાર કરી રહ્યા છો.' તેમણે કહ્યું કે આવું વર્તન ક્રિકેટ અને ખેલાડીઓના પોતાના ભવિષ્ય માટે પણ સારું નથી. યશસ્વી તાજેતરમાં શ્રીલંકા સામે કોલંબોમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટમાં અસિથા ફર્નાન્ડો સાથે ટકરાઈ ગયો હતો. આઉટ થયા બાદ બંને વચ્ચે દલીલ થઈ હતી અને એક સમયે યશસ્વીનું હેલ્મેટ ફર્નાન્ડોના કપાળ સાથે અથડાયું હતું. આ મામલે ICCએ બંને ખેલાડીઓ પર 25% મેચ ફીનો દંડ અને એક-એક ડિમેરિટ પોઈન્ટ લગાવ્યો હતો. યશસ્વીએ બાદમાં પોતાના વર્તનનો બચાવ કરતા કહ્યું હતું કે, ફર્નાન્ડોએ તેને શું કહ્યું હતું તે જાણ્યા વિના નિર્ણય ન લેવો જોઈએ. વૈભવ સૂર્યવંશીનો પણ તાજેતરમાં શ્રીલંકા-A સામેની મેચ બાદ વિવાદ થયો હતો. મેચ પછી શ્રીલંકાના ખેલાડી વિષેન હલાંબાગે અને વૈભવ વચ્ચે દલીલ વધી ગઈ હતી અને વૈભવે તેને ધક્કો માર્યો હતો.





### સેરેના-અલ્કારેઝ પણ હારીને બહાર

## US ઓપન મિક્સ્ડ ડબલ્સમાં યોકોવિચ -સબાલેન્કા પહેલા રાઉન્ડમાં હાર્યા

ન્યૂયોર્ક

ન્યૂયોર્કમાં રમાઈ રહેલી US ઓપન મિક્સ્ડ ડબલ્સમાં નોવાક યોકોવિચ-આર્યના સબાલેન્કા અને સેરેના વિલિયમ્સ-કાર્લોસ અલ્કારેઝની સ્ટાર જોડીઓ ટાઈટલની રેસમાંથી બહાર થઈ ગઈ છે. યોકોવિચ-સબાલેન્કા પ્રથમ રાઉન્ડમાં હાર્યા, જ્યારે સેરેના-અલ્કારેઝને ક્વાર્ટર ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો. જ્યારે પતિ-પત્ની એલિના સ્વિટોલિના અને ગેલ મોનફિલ્સે ડબલ્સના નંબર-1 કેટેરીના સિઈનાકોવા-હેનરી પેટેનને હરાવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. સિઈનાકોવા-પેટેને પ્રથમ રાઉન્ડમાં નોવાક યોકોવિચ-આર્યના સબાલેન્કાને બહાર કર્યા કેટેરીના સિઈનાકોવા અને નંબર-1 પુરુષ ડબલ્સ ખેલાડી હેનરી પેટેનની જોડીએ પ્રથમ રાઉન્ડમાં યોકોવિચ-સબાલેન્કાને હરાવી. મંગળવારે રમાયેલી મેચમાં બંનેએ ટોપ સીડ જોડીને 1-4, 4-2થી હરાવી. સબાલેન્કા બે વખતની ડિફેન્ડિંગ US ઓપન મહિલા ચેમ્પિયન છે, જ્યારે યોકોવિચ 24 ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતી ચૂક્યો છે. બંનેને તેની સંયુક્ત સિંગલ્સ રેન્કિંગના આધારે ટુર્નામેન્ટમાં નંબર-1 સીડ મળી હતી. જોકે, તેની હારને મોટો અપસેટ માનવામાં આવ્યો ન હતો, કારણ કે સામે ડબલ્સના નંબર-1 ખેલાડીઓ હતા. યોકોવિચ અને સબાલેન્કાએ મેચની સારી શરૂઆત કરી. બંનેએ પ્રથમ સેટ માત્ર 12 મિનિટમાં 4-1થી જીતી લીધો. બીજા સેટમાં પણ તેમણે શરૂઆતમાં લીડ બનાવી.



# બુમરાહ પાસેથી 697 દિવસ પછી ટૉપ રેન્કિંગનો તાજ છીનવાયો

## ઓસ્ટ્રેલિયાનો મિચેલ સ્ટાર્ક નંબર-1 ટેસ્ટ બોલર; ટૉપ-10 બેટર્સમાં પંત અને ગિલ સામેલ

નવી દિલ્હી

ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે જસપ્રીત બુમરાહને પાછળ છોડીને પહેલીવાર ICC ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં નંબર-1 સ્થાન મેળવ્યું છે. બાંગ્લાદેશ સામેની મેકાય ટેસ્ટમાં 10 વિકેટ લીધા બાદ સ્ટાર્ક બે સ્થાનની છલાંગ લગાવીને ટોચ પર પહોંચ્યો. તેના 872 રેટિંગ પોઈન્ટ છે, જ્યારે બુમરાહ 862 પોઈન્ટ સાથે બીજા નંબર પર છે. બુમરાહે કુલ 697 દિવસ નંબર-1 રેન્કિંગ પર વિતાવ્યા છે. તે 7 ફેબ્રુઆરી 2024ના રોજ પહેલીવાર ટૉપ પર પહોંચ્યો હતો. જોકે, આ સતત 697 દિવસનો આંકડો નથી. વચ્ચે અન્ય બોલરો પણ નંબર-1 બન્યા, તેથી બુમરાહના અલગ-અલગ નંબર-1 કાર્યકાળોને જોડીને આ આંકડો બન્યો છે. 697 દિવસ કોઈપણ ભારતીય બોલરનો ICC ટેસ્ટ રેન્કિંગમાં સૌથી લાંબો સંયુક્ત નંબર-1 કાર્યકાળ છે અને ટેસ્ટ ઈતિહાસમાં આ 14મો સૌથી લાંબો છે.



બુમરાહે ઈંગ્લેન્ડ સામે 2024 વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં 9 વિકેટ લીધા બાદ પહેલીવાર ટોચનો રેન્ક હાંસલ કર્યો હતો. તે ટેસ્ટ રેન્કિંગમાં નંબર-1 બનનાર પ્રથમ ભારતીય ફાસ્ટ બોલર પણ છે. જ્યારે, વર્તમાન ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં રિષભ પંત સાતમા અને શુભમન ગિલ આઠમા નંબર પર છે. બુમરાહ 2025માં પણ ટેસ્ટ રેન્કિંગના ટોચ પર બન્યો રહ્યો. જાન્યુઆરી 2025માં ઓસ્ટ્રેલિયા સામે મેલબોર્ન ટેસ્ટમાં 9 વિકેટ લીધા પછી તેના રેટિંગ પોઈન્ટ 907 સુધી પહોંચી ગયો હતો. આ કોઈપણ ભારતીય બોલરનો ICC ટેસ્ટ રેન્કિંગમાં સૌથી મોટો રેટિંગ સ્કોર હતો.



### મીલમાંથી નીકળતી ખાંડનો ભાવ ₹55 પર આવ્યો

# ખાંડના ભાવ રેકોર્ડ ઊંચાઈથી 18% સુધી ઘટ્યા

મુંબઈ

ખાંડના ભાવ ગયા અઠવાડિયે 67 રૂપિયા પ્રતિ કિલોના રેકોર્ડ સ્તરે પહોંચ્યા પછી 18% સુધી ઘટ્યા છે. મિલ સ્તરે તેના ભાવ (એક્સ-મિલ રેટ) 12 રૂપિયા ઘટીને 55 રૂપિયા પ્રતિ કિલો પર આવી ગયા છે. સરકારનું કહેવું છે કે આવનારા દિવસોમાં કિંમતોમાં વધુ ઘટાડો થશે. ફૂડ સેક્રેટરી સંજીવ ચોપરાએ જણાવ્યું કે કિંમતોમાં આ ઘટાડો સરકાર દ્વારા ખાંડની આયાતને મંજૂરી આપવા અને સંગ્રહખોરી વિરુદ્ધ કરવામાં આવેલી કડક કાર્યવાહીને કારણે આવ્યો છે. દેશમાં ખાંડની કોઈ અછત નથી, પરંતુ મિલોએ જાણી જોઈને ભાવ વધાર્યા હતા. સ્ટોકની કોઈ અછત નથી, મિલોએ કારણ વગર ભાવ વધાર્યા હતા ખાદ્ય સચિવ સંજીવ ચોપરાના મતે, ખાંડ મોંઘી થવાનું કારણ તેની અછત નહોતી. દેશ પાસે જરૂરિયાત કરતાં વધુ સ્ટોક ઉપલબ્ધ છે. આ વર્ષે દેશમાં 306 લાખ ટન ખાંડના ઉત્પાદનનો અંદાજ છે, જ્યારે આપણી વાર્ષિક ઘરેલું માગ માત્ર 280-285 લાખ ટન જ છે. સ્પષ્ટ છે કે ખાંડ પૂરતા પ્રમાણમાં છે, પરંતુ મિલોએ નફો કમાવવા માટે કારણ વગર તેના ભાવ વધારી દીધા હતા. 10 લાખ ટન ખાંડની આયાત થશે, સંગ્રહખોરી રોકવાના નિર્દેશ ખાંડના ભાવ ઘટાડવા માટે કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે 10 લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી આપી દીધી છે. આ સાથે જ વધુ ખાંડ ખરીદનારા મોટા ગ્રાહકો માટે સ્ટોકની મર્યાદા નક્કી કરી દેવામાં આવી છે. સરકારે તમામ રાજ્યોને કડક નિર્દેશ આપ્યા છે કે તેઓ બજારોમાં તપાસ વધારે જેથી ખાંડની સંગ્રહખોરી અને સટ્ટાબાજીને સંપૂર્ણપણે રોકી શકાય. 15 દિવસથી વધુ સ્ટોક રાખવા પર પ્રતિબંધ સરકારે ખાંડના વેપારીઓ અને ડીલરો પર સ્ટોક રાખવાની મર્યાદા લાગુ કરી દીધી છે. નવા નિયમો હેઠળ, મહિનામાં 10 મેટ્રિક ટનથી વધુ ખાંડનો વેપાર કરનારા ડીલરો 15 દિવસથી વધુના વપરાશનો સ્ટોક જમા કરીને રાખી શકશે નહીં.




### આ વર્ષે ₹14 હજાર મોંઘી થઈ, સોનું ₹610 ઘટીને ₹1.61 લાખ પ્રતિ 10 ગ્રામ થયું

# ચાંદી ₹2,299 વધીને ₹2.44 લાખ પ્રતિ કિલોએ પહોંચી

મુંબઈ

સોનાની કિંમતોમાં 26 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 610 રૂપિયા ઘટીને 1.61 લાખ રૂપિયા થયો છે. જ્યારે એક કિલો ચાંદીની કિંમત 2,299 રૂપિયા વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 29 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.61 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે વિશ્વભરની કેન્દ્રીય બેંકો જેવી કે RBIનો પણ ટેકો છે, જે સતત સોનું ખરીદી રહી છે. આગળ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિ સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. હાલ જે ભવિષ્યની પરિસ્થિતિઓ દેખાઈ રહી છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 3 બાબતોનું ધ્યાન રાખો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો.



### દર વર્ષે હજારો સ્ટારશિપ રોકેટ લોન્ચ થશે

# દુનિયાનો સૌથી મોટો રોકેટ લોન્ચ કોમ્પ્લેક્સ બનાવશે મસ્ક

## આ પ્રોજેક્ટ પર કંપની 100 બિલિયન ડોલર એટલે કે લગભગ ₹9.50 લાખ કરોડનું રોકાણ કરશે. 'સ્ટારબેઝ, લ્યુઇસિયાના' સ્પેસએક્સનો બીજો 'સ્ટારબેઝ' કેમ્પસ હશે

વૉશિંગ્ટન

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ અમેરિકાના દક્ષિણ લ્યુઈસિયાનામાં દુનિયાનો સૌથી મોટો રોકેટ લોન્ચ કોમ્પ્લેક્સ બનાવી રહી છે. આ પ્રોજેક્ટ પર કંપની 100 બિલિયન ડોલર એટલે કે લગભગ 9.50 લાખ કરોડનું રોકાણ કરશે. 'સ્ટારબેઝ, લ્યુઈસિયાના' સ્પેસએક્સનો બીજો 'સ્ટારબેઝ' કેમ્પસ હશે. આ નવો સ્પેસપોર્ટ લ્યુઈસિયાનાના પિકાન આઈલેન્ડ પર 1.25 લાખ એકરમાં ફેલાયેલો હશે, જે ન્યૂયોર્કના મેનહટન શહેર કરતાં પણ આઠ ગણો મોટો છે. અહીંથી સ્પેસએક્સના નેક્સ્ટ-જનરેશન રોકેટ 'સ્ટારશિપ' અને AI આધારિત સેટેલાઈટ્સને અવકાશમાં મોકલવામાં આવશે. બાંધકામ વર્ષ 2029 થી શરૂ થવાની અપેક્ષા છે. લ્યુઈસિયાનાના ગવર્નર જેફ લેન્ડ્રીએ તેને રાજ્યની અર્થવ્યવસ્થા માટે એક મોટું પગલું ગણાવ્યું છે. લેન્ડ્રીના મતે, આ સ્પેસપોર્ટથી આ ક્ષેત્રમાં ઓછામાં ઓછી 3 હજારથી વધુ સીધી નોકરીઓનું સર્જન થશે. અહીં કામ કરતા કર્મચારીઓનો સરેરાશ વાર્ષિક પગાર 92,600 ડોલર એટલે કે લગભગ 88 લાખ રૂપિયા હશે, જે વર્મિલિયન પેરિશની વર્તમાન સરેરાશ આવક કરતાં લગભગ બમણો છે. ગવર્નરે કહ્યું, 'આ પ્રોજેક્ટ રોજગાર, સમુદાયો માટે પ્રગતિ અને આપણા દરિયાકાંઠાના વિસ્તારો માટે સુરક્ષા લાવશે.' 'સેલ્ફ-સસ્ટેનિંગ' હશે કેમ્પસ, પોતે બનાવશે ઈંધણ અને વીજળી સ્પેસએક્સના પ્રેસિડેન્ટ ગ્વિન શોટવેલે જણાવ્યું કે આ કેમ્પસ સંપૂર્ણપણે 'સેલ્ફ-સસ્ટેનિંગ' હશે. પોતાનું ઈંધણ અને વીજળી: કોમ્પ્લેક્સની અંદર જ રોકેટ પ્રોપેલન્ટ માટે મિથેન ગેસનું ઉત્પાદન થશે અને ઈલેક્ટ્રિસિટી જનરેશન ફેસિલિટી સ્થાપિત કરવામાં આવશે. શિપિંગ અને ટ્રાન્સપોર્ટ: સ્ટારશિપ રોકેટ્સને લાવવા-લઈ જવા માટે ડીપ-વોટર શિપિંગ પોર્ટ અને વ્હીકલ પ્રોસેસિંગ યુનિટ્સ બનાવવામાં આવશે. એક સમર્પિત એરપોર્ટ પણ બનાવી શકાય છે. શોટવેલે કહ્યું કે આ સુવિધાનો લક્ષ્ય દર વર્ષે સ્ટારશિપની હજારો ઉડાનને સપોર્ટ કરવાનો છે.



# સેન્સેક્સ 183 અંક ઘટીને 77,473 પર બંધ થયો


- નિફ્ટી પણ 127 અંક નીચે આવ્યો, IT અને રિયલ્ટી શેર્સમાં વધુ વેચવાલી રહી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 26 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 183 પોઈન્ટ ઘટીને 77,473 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 127 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,208 પર બંધ થયો. આજે IT, રિયલ્ટી અને FMCG શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. અદાણી એનર્જી સોલ્યુશન્સને 4,700 કરોડનો પ્રોજેક્ટ મળ્યો અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડને મહારાષ્ટ્રમાં 4,700 કરોડ રૂપિયાનો ટ્રાન્સમિશન પ્રોજેક્ટ મળ્યો છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ 4,500 મેગાવોટ (MW) રિન્યુએબલ અને સ્ટોરેજ પાવરના સપ્લાય (ઈવેક્યુએશન) માટે છે. કંપનીએ ટેરિફ બેઝ્ડ કોમ્પિટિટિવ બિડિંગ (TBCB) પ્રક્રિયા દ્વારા સૌથી ઓછી બોલી લગાવીને આ પ્રોજેક્ટ મેળવ્યો છે. ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડનો IPO 28 ઓગસ્ટે ખુલશે. કંપની આના દ્વારા 720 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. કંપનીએ IPO માટે શેરનો પ્રાઈસ બેન્ડ 408 રૂપિયાથી 429 રૂપિયા નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 34 શેર માટે 14,586 રૂપિયાથી બોલી લગાવી શકશે. આ IPO 1 સપ્ટેમ્બરે બંધ થશે. ગઈકાલે બજારમાં તેજી રહી હતીઆ પહેલાં ગઈકાલે એટલે કે 25 ઓગસ્ટે શેરબજારમાં તેજી રહી હતી.

## 50% વિદ્યાર્થીઓની ખોટી હાજરી પૂરવા શિક્ષકો પર દબાણ

# ઓઢવની નટરાજ સ્કૂલની માન્યતા રદ કરવા DEOએ સરકારને રિપોર્ટ સોંપ્યો


માનનીય સાહેબશ્રી નમસ્કાર,

સવિનય સાથે જણાવવાનું કે અમારી શાળા નટરાજ હાઇસ્કૂલ માં અમને ખોટી હાજરી ભરવા માટે ફરજ પાડી રહ્યા છે પણ અમે તેમ કરવા ના પાડી તેથી તા 03/08/2026 થી વિદ્યાર્થી નું હાજરી પત્રક અમારી પાસેથી લઈ લીધું છે.જેથી ભવિષ્યમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે ગેરરીતિ પકડાય તો તેના માટે મારી જવાબદારી રહેશે નહીં. જે આપણી જાણ સારું.

અમદાવાદ

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલી નટરાજ સ્કૂલમાં વિદ્યાર્થીઓની ઓછી હાજરી તેમજ શિક્ષકોના સેવા વિષયક લાભો અટકાવી રાખ્યા હોવાનું સામે આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓની ખોટી હાજરી પૂરવા શિક્ષકો પર દબાણ કરવામાં આવતું હોવાનું પણ સામે આવતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાને નોટિસ આપી હતી. છતાં યોગ્ય જવાબ રજૂ ન કરી શકતા શાળાની માન્યતા રદ કરાશે અને 100 ટકા ગ્રાન્ટ કાપ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જે માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ વડી કચેરીમાં રિપોર્ટ મોકલી આપ્યો છે.

**શાળા દોષિત હોવાનું પ્રથમ દ્રષ્ટિએ ધ્યાને આવતા ત્રણ ત્રણ વખત નોટિસ આપવામાં આવી**

ડમી સ્કૂલોને લઈને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાઓમાં તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન ઓઢવમાં આવેલી નટરાજ સ્કૂલમાં તપાસ કરતા વિદ્યાર્થીઓની ઓછી હાજરી ઓછા હોવા છતાં ખોટી હાજરી ભરાતી હોવાનું સામે આવ્યું હતું.

તેમજ વિદ્યાર્થીઓ શાળાએ ન આવતા હોવા છતાં ઓનલાઈન ખોટી હાજરી પૂરવા શિક્ષકો પર દબાણ કરવામાં આવતું હોવાનું પણ સામે આવ્યું હતું. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમની સરપ્રાઈઝ ચેકિંગમાં બે વખત વિદ્યાર્થીઓની 50 ટકા ઓછી હાજરી જોવા મળી હતી. તેમજ શાળા સંચાલક દ્વારા શિક્ષકો પર ખોટી હાજરી પૂરવા દબાણ કરવામાં આવતું હોવાની ફરિયાદ શિક્ષકોએ જ જિલ્લા શિક્ષણાધિકારીને કરી હતી. તેમજ શાળા દ્વારા સત્તાનો દુરુપયોગ કરી સેવા વિષયક લાભોની દરખાસ્ત પણ દવાવી રાખવામાં આવી હોવાનું સામે આવતા શિક્ષણ નિરીક્ષક દ્વારા તપાસ રિપોર્ટ સોંપવામાં આવ્યો છે. જેના આધારે હવે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાની માન્યતા રદ કરવા અને 100 ટકા ગ્રાન્ટ કાપની કાર્યવાહી કરવા માટે વડી કચેરીમાં ભલામણ કરી છે. તેમજ સેવા વિષયક લાભો કેમ અટકાવી રાખ્યા તેના યોગ્ય આધાર પુરાવા સાથે જવાબ રજૂ કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ઓઢવ વિસ્તારમાં આવેલી નટરાજ સ્કૂલને ગયા વર્ષે પણ ત્રણ વખત સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા 50 ટકા જેટલી ઓછી જોવા મળી હતી. તેમજ હાજરી બતાવવામાં આવી હોવા છતાં વિદ્યાર્થીઓ ગેરહાજર જોવા મળ્યા હતા. તેને ધ્યાને લઈ ચાલુ વર્ષે પણ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તેમાં પણ વિદ્યાર્થીઓની 50 ટકા જ હાજરી જોવા મળી હતી. જેથી 11 જેટલા વર્ગો તાત્કાલિક બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેને ધ્યાને લઈ શાળા દ્વારા કમિશનર ઓફ સ્કૂલમાં દરખાસ્ત કરી હતી. જેનો હજુ સુધી કોઈ નિર્ણય આવ્યો નથી.

### જુહાપુરામાં 3 શખ્સે હત્યાની કોશિશ કરી

## ભાડુઆતને મકાન ખાલી કરવાનું કહેતા મકાન માલિકને છરીના ઘા ઝીંક્યા

અમદાવાદ

અમદાવાદ જુહાપુરાના આઝાદપાર્ક સોસાયટીમાં મકાન ખાલી કરાવવાના મુદ્દે થયેલા વિવાદમાં યુવક પર છરી વડે જીવલેણ હુમલોકરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. કરિશ્માબાનુ તલાટે વેજલપુર પોલીસ સ્ટેશનમાં આસીફ ઉર્ફે લાલા પઠાણ, બાબા પઠાણ અને આરીફ વિરુદ્ધ હત્યાની કોશિશની ફરિયાદ નોંધાવી છે. કરિશ્માબાનુના સાસુ-સસરા મુમતાઝબાનુ અને મોહમદ સિદ્દીક પોસ્ટલ સોસાયટીમાં રહે છે. તેમના મકાનમાં આસીફ પઠાણ છેલ્લા ચાર વર્ષથી પરિવાર સાથે ભાડેથી રહે છે. જોકે, છેલ્લા પાંચ મહિનાથી આસીફે ભાડું આપવાનું બંધ કરી દીધું હતું.

આ ઉપરાંત આસીફનો પુત્ર બાબા પણ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

મકાનનું ભાડું ન મળતાં તેમજ મકાન ખાલી કરાવવાની જરૂરિયાતને પગલે કરિશ્માના સાસુ-સસરાએ આસીફના પરિવારને મકાન ખાલી કરવા કહ્યું હતું. જોકે, આરોપીઓએ મકાન ખાલી કરવાનો ઈનકાર કરી દાદાગીરી શરૂ કરી હોવાનો આક્ષેપ છે. ગઈકાલે આ મુદ્દે ફરી વિવાદ થતાં આસીફ, આરીફ



અને બાબાએ કરિશ્માબાનુના પતિ મોહમદ મોહસીન પર છરી વડે હુમલો કર્યો હતો.

હુમલામાં ગંભીર ઈજાઓ થતાં મોહસીનને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બનાવને પગલે વેજલપુર પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધી ત્રણેય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

## કાલુપુરથી જાસપુર રિક્ષામાં જતા 4 યુવકને છરી બતાવી લૂંટ

### વિશ્વ ઉમિયાધામ મંદિર નિર્માણના કામ માટે ઝારખંડથી આવેલા યુવકો પાસેથી રૂા. 28 હજાર રોકડા પડાવ્યા, રિક્ષા ચાલક સહિત બેની અટકાયત

અમદાવાદ

અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશન અને એસટી બસ સ્ટેન્ડ પર બહારગામથી આવનારા લોકોને રીક્ષા ચાલકો દ્વારા લૂંટવામાં આવતા હોવાના બનાવો બનતા હોય છે. ત્યારે મૂળ ઝારખંડના રહેવાસી ચાર યુવક અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનથી જાસપુર વિશ્વ ઉમિયા ધામ જવા નીકળ્યા હતા. આ સમયે રીક્ષા ચાલકે ગીતામંદિર આરોગ્ય ભવન ખાતે લઈ જઈ છરી બતાવી રોકડા રૂપિયા 28 હજાર અને ઓનલાઈન 10 હજાર રૂપિયા પડાવી લીધા હતા. ત્યારબાદ બીજી રિક્ષામાં બેસાડી સાબરમતી રેલવે સ્ટેશન મોકલી દીધા હતા. આ સમગ્ર મામલે ગાયકવાડ હવેલી પોલીસે રિક્ષાચાલક અને તેના સાથી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. તો ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીની અટકાયત કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.



મૂળ ઝારખંડના બોકારો જિલ્લાના ચંદ્રપુરા ગામનો રહેવાસી વિવેક મહંતો 24 ઓગસ્ટના રોજ અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશન ખાતે આવ્યો હતો. વિવેકની સાથે તેના અન્ય ત્રણ મિત્રો પણ આવ્યા હતા. જે તમામે જાસપુરમાં વિશ્વ ઉમિયા ધામ મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે તેમાં કાર્પેન્ટરનું કામ કરવા જવાનું હતું. સવારના સમયે કાલુપુર રેલવે સ્ટેશનથી એક રિક્ષામાં વિશ્વ ઉમિયાધામ જવા માટે નીકળ્યા હતા.

રીક્ષા ચાલક તેને બેસાડીને જમાલપુર ગીતામંદિરથી સફળ ટ્રાવેલ્સ નજીક આરોગ્ય ભવનના કમ્પાઉન્ડમાં લઈ ગયો હતો અને ત્યારબાદ તમારા ચારમાંથી ભાડું કોણ આપશે તેમ કહ્યું હતું જેથી વિવેકે કહ્યું હતું કે અમારું ભાડું શેઠ આપશે. આ વાતચીત બાદ રીક્ષા ચાલક ધમકાવી ડરાવીને ત્યાં રિક્ષા મૂકીને જતો રહ્યો હતો.

## અમદાવાદ પોલીસ કમિશનર અનુપમ ગેહલોતની ઉપસ્થિતિમાં NDPS સેમિનાર યોજાયો

અમદાવાદ

અમદાવાદ શહેરને સંપૂર્ણપણે નશા મુક્ત બનાવવા અને માદક પદાર્થોના ગેરકાયદેસર કાળા કારોબાર સામે લાલ આંખ કરવાના હેતુથી શહેર પોલીસ વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય પહેલ કરવામાં આવી છે.

અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાં કાર્યરત 'એન્ટી નાર્કોટિક્સ' ટીમોને વધુ સુસજ્જ, સક્ષમ અને કાયદાકીય રીતે સભાન બનાવવાના ઉદ્દેશ્યથી 'એનડીપીએસ' (NDPS - Narcotic Drugs and Psychotropic Substances) એક્ટ અંગેની વિશેષ તાલીમ તેમજ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે એક સઘન સેમિનારનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહત્વપૂર્ણ સેમિનારમાં અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે સેમિનારમાં હાજર રહેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધિત કરતા શહેરમાંથી ડ્રગ્સનું દૂષણ નાબૂદ કરવા માટે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવા આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ કમિશનર ઉપરાંત અન્ય સિનિયર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ખાસ હાજર રહ્યા હતા અને તેમણે પોતાના અનુભવો તથા કાયદાકીય પાસાઓની ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ તાલીમ સેમિનારમાં શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાંથી ૩૦૦ જેટલા પસંદગીના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓએ હાજરી આપી હતી.

### નરોડા પોલીસ સ્ટેશન ફરી વિવાદમાં

## દારૂની માત્ર એક પેટી છોડાવવા કોન્સ્ટેબલ જનક દેસાઈએ રૂા.3.50 લાખની તોડ માંગી

### ગુજરાતમાં દારૂબંધીના નામે ચાલતો આ ખુલ્લેઆમ ખેલ હવે જનતા સામે છતો થયો

અમદાવાદ

અમદાવાદ શહેરનું નરોડા પોલીસ સ્ટેશન ફરી એકવાર વિવાદોના વંટોળમાં ઘેરાયું છે. કાયદાનું રક્ષણ કરવાની જેના શિરે જવાબદારી છે તે જ પોલીસ વિભાગના કર્મચારીઓ હવે ખાખી વરદીને દાગ લગાડી રહ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ જનક દેસાઈ સામે દારૂની માત્ર એક પેટી છોડાવવા માટે રૂ. ૩,૫૦,૦૦૦ (સાડા ત્રણ લાખ) જેવી મોટી રકમની લાંચ/હપ્તો માંગવાનો ગંભીર આક્ષેપ થતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, ૬૦૦૦ રૂપિયાની કિંમત ધરાવતી દારૂની એક સામાન્ય પેટી પકડાયા બાદ તેને છોડાવવા માટે કોન્સ્ટેબલ જનક દેસાઈ દ્વારા લાખો રૂપિયાનો તોડ કરવાનો ખેલ ખેલાયો હતો. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા કથિત ઓડિયો કોલ રેકોર્ડિંગે ભારે ખળભળાટ મચાવી દીધો છે. ૬ હજારના માલ સામે ૩.૫૦ લાખ રૂપિયાની સેટલમેન્ટ રકમ માંગવામાં આવતા હવે ચર્ચાનો વિષય બન્યો છે કે, જો બુટલેગરે પોલીસને આટલો મોટો હપ્તો ચૂકવવો પડે તો તેણે ગ્રાહકોને દારૂ કેટલા ઊંચા ભાવે વેચવો પડે? ગુજરાતમાં દારૂબંધીના નામે ચાલતો આ ખુલ્લેઆમ ખેલ હવે જનતા સામે છતો થયો છે. આ ઘટના સામે આવ્યા બાદ સ્થાનિક નાગરિકો અને સજાગ વર્ગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે: શું આવા ભ્રષ્ટ પોલીસ કર્મચારી સામે વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કડક કાનૂની અને ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે? કે પછી દર વખતની જેમ તપાસના નામે નાટક કરીને મામલો રફેદફે કરી દેવાશે અને હપ્તાખોરીનો આ કાળો કારોબાર યથાવત ચાલુ રહેશે? ગુજરાતમાં કાગળ પર દારૂબંધી હોવા છતાં, આવા કિસ્સાઓથી એ સ્પષ્ટ થાય છે કે ખાખી વરદીના ઓથ હેઠળ તોડબાજીનો ખેલ ધમધમી રહ્યો છે. હવે જોવાનું એ રહેશે કે અમદાવાદ પોલીસ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓ આ અહેવાલ બાદ કોન્સ્ટેબલ જનક દેસાઈ સામે કેવા કડક પગલાં ભરે છે.

### 110 અને 300ની સ્પીડે ગાડી ચલાવતા ગાડી જપ્ત

## પલકારામાં લક્ઝુરિયસ કાર નીકળતા લોકો ફફડ્યા

અમદાવાદ

અમદાવાદના રસ્તા જાણે કે રન વે હોય તેમ એક પાયલટ યુવકે લો ગાર્ડન પાસે પૂરઝડપે મોંઘીદાટ પોર્શે કાર 100થી વધુની સ્પીડે દોડાવી હતી. આ કારની રફતારના કારણે બે યુવકોના જીવ બચી ગયા હતા. અરકાન તિરમિઝી નામનો યુવક જ્યારે પ્લેનની જેમ પોર્શે 'ઉડાવી' નીકળ્યો ત્યારે લોકો ફફડી ઉઠ્યા હતા. આંખના પલકારામાં જ લક્ઝુરિયસ કાર નીકળી જતા અનેક વાહન ચાલકોના જીવ જોખમમાં મૂકાયા હતા. યુવકોની અરજીના પગલે નવરંગપુરા પોલીસે ફરિયાદ નોંધી કાર જપ્ત કરી ગાંધીનગરના લીંબડીયા



ગામના 24 વર્ષીય પાયલટ અરકાન તિરમિઝીની ધરપકડ કરી હતી. સાથે જ 300ની સ્પીડે કાર ચલાવતા વાઈરલ વીડિયો અંગે પણ તપાસ હાથ ધરાઈ છે. HCG હોસ્પિટલથી લો ગાર્ડન પાસેના રસ્તા પર શ્રેયાંશ નામનો યુવક કામ પતાવી ગાડીમાં જઈ રહ્યો હતો ત્યારે પૂરઝડપે વાયુવેગે એક પોર્શે કાર આવી હતી. આ કારની સ્પીડ એટલી હતી કે તેનાથી શ્રેયાંશનો જીવ માંડ બચી શક્યો હતો. શ્રેયાંશની ગાડીના ડેશ કેમમાં પૂરઝડપે જઈ રહેલી પોર્શે ગાડીનો વીડિયો કેદ થયો હતો જેના આધારે શ્રેયાંશે પોલીસને અરજી આપી હતી. અરજી આપ્યાના બે દિવસ બાદ વીડિયો વાઈરલ થતા નવરંગપુરા પોલીસે તપાસ શરૂ કરી પોર્શે કારનો નંબર મેળવ્યો હતો. નંબરના આધારે કાર માલિકને પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો. કાર માલિક આવતા પોલીસે કાર જપ્ત કરીને કાર ચાલક સામે બેદરકારી પૂર્વક લોકોના જીવ જોખમમાં મુકાય તે અંગેનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ બનાવ બન્યા બાદ અરજી કરનાર યુવક શ્રેયાંશને કાર ચાલકે સંપર્ક કર્યો હતો. કાર ચાલકે પોતાની ઓળખ પાયલટ તરીકે આપી હતી અને કારની સ્પીડ બનાવ સમયે 110 હોવાની પણ કબૂલાત કરી હતી. કાર ચાલકે અરજી પરત લેવા ખૂબ જ ધમપછાડા કર્યા હતા.

### અમદાવાદ જિલ્લાના સાણંદ પંથકના

## માધવનગર, શેલા, મોટી દેવતી, ઝોલાપુર, કલાણા ગામોમાંથી 30 જુગારીઓ પકડાયા

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદ પંથકમાં જુગાર રમતા ઈસમો સામે ગ્રામ્ય એલસીબી,સાણંદ અને સાણંદ જીઆઈડીસી પોલીસે કાર્યવાહી કરી છે. સાણંદના માધવનગરથી 3, મોટીદેવતીથી 5, ઝોલાપુરથી 10, કલાણાથી 9, શેલાથી 3 મળી કુલ 30 ઈસમો જુગાર રમતા પકડાયા છે.

જ્યારે રૂ.3.58 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે ગુનો નોંધાયો છે. પ્રથમ સાણંદ પોલીસે માધવનગર ગામે માધવનગર છેલ્લી લાઈનમાં એકના મકાન આગળ આગળ દરોડો પાડી જુગાર રમતા વિહાભાઈ બળદેવભાઈ મકવાણા, જયેશભાઈ બાબુલાલ ગોહેલ, રાજુભાઈ મનુભાઈ દંતાણી (તમામ રહે. માધવનગર)ને પકડી રોકડ રૂ. 10,910ની મત્તા જપ્ત કરી ગુનો નોંધ્યો છે.

તેમજ સાણંદ પોલીસે મોટી દેવતી ગામે રેડ



પાડી જુગાર રમતા નવઘણભાઈ ગોડભાઈ , રાહુલભાઈ રમેશભાઈ , અજયભાઈ મોભુભાઈ , કનકભાઈ કિર્તીભાઈ અને ઘનશ્યામભાઈ બહાદુરભાઈ (તમામ ઠાકોર રહે. મોટી દેવતી)ને પકડી લઈ રોકડા રૂ. 3,600ની મત્તા જપ્ત કરી છે.

જ્યારે સાણંદ GIDC પોલીસે ઝોલાપુર ગામે ગેપપુરા વાસમાં પાડી જુગાર રમતા પ્રવિણભાઈ મનુભાઈ, રાકેશભાઈ ગણપતભાઈ, મેહુલભાઈ પ્રહલાદભાઈ, રજનીકાંત રાજુભાઈ, અજય યોગેશભાઈ, મહેશ વાડીલાલભાઈ, રાહુલ પ્રહલાદભાઈ, શૈલેષ ધનજીભાઈ, કેતનભાઈ કાંતિભાઈ અને મુકેશભાઈ ધરમશીભાઈ (તમામ કો.પટેલ રહે. ઝોલાપુર)ને રોકડા કુલ રૂ. 23,700નો મુદ્દામાલ જપ્ત કરી છે.

તેમજ જીઆઈડીસી પોલીસે કલાણા ગામેથી ખુલ્લામાં જુગાર રમતા તુલશીભાઈ શામજીભાઈ, દિલીપભાઈ બચુભાઈ, ગોપાલભાઈ કાન્તીભાઈ, સુરેશભાઈ ગોવિંદભાઈ, કિશનભાઈ બળદેવભાઈ, જયંતીભાઈ સંવધાનભાઈ, અજીતભાઈ કાશીરામભાઈ, પીન્ટુભાઈ વિજયભાઈ, શૈલેષભાઈ દશરથભાઈ (તમામ ઠાકોર રહે. કલાણા)ને પકડી કુલ રોકડ રૂ. 84,450ની મત્તા જપ્ત કરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI